


નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 357
Dt.: 04-11-2025,
Tuesday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### જયપુરમાં ડમ્પરે ૫૦થી વધુ લોકોને કચડ્યા

# જયપુરમાં ડમ્પરે અનેક ગાડીઓને ટક્કર મારતા ૧૪ લોકોના મોત

## મોતનો આંકડો હજુ વધે તેવી આશંકાઃ બેફામ ડમ્પર ચાલકે સૌથી પહેલા એક કારને ટક્કર મારી અને પછી અન્ય ગાડીઓને કચડતો ગયો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)જયપુર

રાજસ્થાનના જયપુરમાં ડમ્પરે અનેક ગાડીઓને ટક્કર મારતા ૧૪ લોકોના મોત થયા છે જ્યારે ૪૦ ઈજાગ્રસ્ત છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ગંભીર ઈજાના કારણે મોતનો આંકડો હજુ પણ વધે તેવી આશંકા છે. સ્થાનિકોનો દાવો છે કે બેફામ ડમ્પર ચાલકે સૌથી પહેલા એક કારને ટક્કર મારી અને પછી અન્ય ગાડીઓને કચડતો ગયો. અકસ્માત એટલો ભીષણ હતો કે ડમ્પરના ૩૦થી ૪૦ ગાડીઓની એક બીજામાં ટક્કર થઈ. ડમ્પરની સામે જે આવ્યું તેને ટક્કર મારી અને આશરે ૫૦ લોકોને કચડી નાંખ્યા. ડ્રાઈવરે ચિક્કાર દારૂ પીધો હોવાનો પણ દાવો છે.

અકસ્માત બાદ હોસ્પિટલમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્રાથમિક ધોરણે પોલીસે કહ્યું છે કે ડમ્પર ચાલકે ૫થી વધુ ગાડીઓને ટક્કર મારી ૫૦ લોકોને કચડ્યાં છે, જેના કારણે ૧૪ લોકોના મોત થયાના અહેવાલ છે. કેટલાક લોકો ગાડીઓની નીચે દબાઈ ગયા હતા. લોહા મંડી રોડ નંબર ૧૪ પર થયેલા આ અકસ્માત બાદ ગાડીઓના ફૂરચાં ઊડી ગયા હતા. અકસ્માત બપોરે ૧ વાગ્યાની આસપાસ થયો. ડમ્પર અનેક વાહનો અને માણસોને કચડતો ગયો પછી છેલ્લે મોટા ડિવાઈડર સાથે અથડાઈ ઊભો રહ્યો. ઘટના એટલી ઝડપથી બની કે લોકોને બચીને ભાગવાનો મોકો પણ ન મળ્યો. રસ્તા પર જ્યાં ત્યાં લોકોના મૃતદેહ વિખેરાઈ ગયા. અનેક લોકોના શરીરના અંગ પણ કપાઈને રસ્તા પર વિખેરાઈ ગયા હતા. ઈજાગ્રસ્તો રસ્તા પર મદદની માંગ સાથે તડપતાં હતા. પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો પહોંચ્યા હતા ડમ્પરને હટાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી. વાહનો ક્ષતિગ્રસ્ત થયા બાદ અનેક લોકો કારની અંદર જ ફસાઈ ગયા હતા. તેમને કટિંગ મશીનની મદદથી બહાર કાઢવામાં આવ્યા. હાલ તો પોલીસ મૃતકોની ઓળખ કરી તેમના પરિજનોને જાણ કરવાનો પ્રયાસ કરી રહી છે. સ્થાનિકોમાંથી કેટલાકનો દાવો છે કે ડ્રાઈવર નશામાં હતો જ્યારે કેટલાકનો દાવો છે કે બ્રેક ફેઈલ થઈ હતી. સમગ્ર મામલે પોલીસ તપાસ બાદ જ સત્ય બહાર આવશે.

તેલંગાણાના રંગારેડ્ડીમાં નેશનલ હાઈવે પર સોમવારે સવારે ડમ્પર અને બસ વચ્ચે ટક્કરમાં ૨૦ મુસાફરોએ જીવ ગુમાવ્યો હતો. બસ તંદૂરથી હૈદરાબાદ જઈ રહી છે જેમાં ૭૦થી વધુ મુસાફરો સવાર હતા. પ્રાથમિક માહિતી અનુસાર ડમ્પર ડ્રાઈવરે કાબૂ ગુમાવતાં બસ સાથે ટક્કર થઈ હતી. ટક્કર બાદ બસના ફૂરચાં ઊડી ગયા હતા અને ડમ્પરમાં ભરવામાં આવેલી નીચે પડતાં કેટલાક લોકો તેમાં દટાઈ પણ ગયા હતા. આ ઘટનાથી સ્થાનિક રહેવાસીઓ રોષે ભરાયા છે અને ડમ્પર ચાલક અને માલિક બંને સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી રહ્યા છે. તેમના પ્રિયજનોના મૃત્યુના સમાચાર સાંભળીને પરિવારજનો ખૂબ જ દુઃખી થઈ ગયા હતા. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા. બીજી તરફ રાજસ્થાનના ફલોદી જિલ્લામાં ભારતમાલા એક્સપ્રેસ પર રવિવારે રાત્રે ભીષણ અકસ્માતમાં ૧૫ લોકોએ જીવ ગુમાવ્યો. જોધપુરના ૧૮ શ્રદ્ધાળુ બિકાનેરથી દર્શન કરી પરત ફરી રહ્યા હતા ત્યારે ટેમ્પો ટ્રાવેલર રસ્તા પર ઊભેલી ટ્રકમાં ઘૂસી ગઈ હતી.



### કેન્દ્ર સરકારનો આકરો નિર્ણય

## નેશનલ હાઈવે પર વારંવાર અકસ્માત થશે તો કોન્ટ્રાક્ટરને રૂ. ૫૦ લાખ સુધીનો દંડ

**દેશના નેશનલ હાઈવે પર માર્ગ અકસ્માતની ઘટનાઓને અંકુશમાં લાવવા માટે સરકારે એક નવો નિયમ લાગુ કર્યો**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશના નેશનલ હાઈવે પર માર્ગ અકસ્માતની ઘટનાઓને અંકુશમાં લાવવા માટે કેન્દ્ર સરકારે એક નવો નિયમ લાગુ કર્યો છે. જે મુજબ, દેશના કોઈ પણ નેશનલ હાઈવે પર એક જ સ્થળે એકથી વધુ વખત અકસ્માત થશે તો કોન્ટ્રાક્ટરને દંડ થશે. માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયના સચિવ વી. ઉમાશંકરે આ અંગે માહિતી આપતા કહ્યું હતું કે, 'હવે નેશનલ હાઈવે પર કોઈ એક જ સ્થળ પર એકથી વધુ વખત અકસ્માત થશે તો તે કોન્ટ્રાક્ટરની જવાબદારી ગણાશે અને આ મુદ્દે તેમની સામે આકરા પગલાં પણ લેવામાં આવી શકે છે.' ઉમાશંકરે નવા નિયમની માહિતી આપતા કહ્યું કે, 'કેન્દ્ર સરકારે નક્કી કર્યું છે કે, હવે નેશનલ હાઈવે પર કોઈ એક જ સ્થળ પર (અગાઉ અકસ્માત થયું હોય તેવા સ્થળના ૫૦૦ મીટરના અંતરમાં) એકથી વધુ વખત અકસ્માત થશે તો કોન્ટ્રાક્ટરને ૨૫ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે અને તેના પછી પણ જો ફરી અકસ્માત થાય તો ૫૦ લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે. કોન્ટ્રાક્ટરોને માર્ગ નિર્માણ અને જાળવણીમાં વધુ જવાબદાર બનાવવા અને અકસ્માતોમાં ઘટાડો કરી શકાય તે માટે આ નિર્ણય લેવાયો છે. સરકારે જણાવ્યું કે, 'આ કાર્યવાહી જે નેશનલ હાઈવે 'બિલ્ડ-ઓપરેટ-ટ્રાન્સફર' (BOT) મોડલ પર બનેલા હશે તેના કોન્ટ્રાક્ટર પર કરવામાં આવશે.' તમને જણાવી દઈએ કે, ભારતમાં નેશનલ હાઈવેના બાંધકામમાં 'બિલ્ડ-ઓપરેટ-ટ્રાન્સફર' (BOT) મોડલ એક એવો માળખો છે, જેમાં સરકાર ખાનગી કંપનીઓની મદદથી હાઈવેનું બાંધકામ કરાવે છે અને પછી જાળવણીની જવાબદારી પણ તે કંપનીને સોંપવામાં આવે છે. 'બિલ્ડ-ઓપરેટ-ટ્રાન્સફર' મોડલમાં કંપનીને ૧૫થી ૨૦ વર્ષ માટે રસ્તાની જાળવણીની જવાબદારી સોંપવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન જો હાઈવે પર કોઈ એક સ્થળ પર એકથી વધુ વખત અકસ્માત થાય તેવા સંજોગોમાં કંપની વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. ઉમાશંકરે અકસ્માત પીડિતોની મદદ માટેની યોજના અંગે વાત કરતા કહ્યું કે, 'કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં માર્ગ અકસ્માત પીડિતો માટે કેશલેસ સારવારની યોજના શરૂ કરવા જઈ રહી છે. આ યોજના હેઠળ માર્ગ અકસ્માતના કિસ્સામાં ઈજાગ્રસ્તને રૂ. ૧.૫ લાખ સુધીની સારવાર મફત આપવામાં આવશે.' આ ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા શક્યતા વ્યક્ત કરાઈ છે કે, આ યોજના શરૂ થતાં માર્ગ અકસ્માતના કિસ્સામાં મૃત્યુદર ઘટશે.

### ૪૫૦૦૦ કરોડ રૂપિયાની ડીલ

## ચીન પાકિસ્તાનને આપશે આઠ શક્તિશાળી સબમરીન

### ચીનની કુલ હથિયાર નિકાસમાં પાક.નો ફાળો ૬૦ ટકા

(સંપૂર્ણ સમાચાર સેવા)બેઈજીંગ

પાકિસ્તાનની નૌસેના તેની પ્રથમ ચાઈનીઝ સબમરીન આગામી વર્ષે સેવામાં સામેલ કરશે. ચીન પાકિસ્તાનની સૈન્ય તાકાતમાં વધારો કરવાં આઠ શક્તિશાળી સબમરીન આપવા જઈ રહ્યું છે. જેના માટે રૂ. ૪૫૦૦૦ કરોડની ડીલ કરી છે.

આ ડીલ હેઠળ ૨૦૨૮ સુધી આઠ હેંગર-ક્લાસ સબમરીન પાકિસ્તાનને મળશે. જે ઉત્તરીય અરબ સાગર અને હિંદ મહાસાગરમાં પાકિસ્તાનની ક્ષમતામાં વધારો કરશે. આ ડીલ સૈન્ય જગતમાં ચર્ચાનો વિષય બની છે, અને ચીનના હથિયારોની ક્ષમતા વર્સિસ પશ્ચિમી તકનિક પર ચર્ચા શરૂ કરી છે. આ ડીલ હેઠળ પ્રથમ ચાર ડીઝલ-ઈલેક્ટ્રિક સબમરિન ચીનમાં તૈયાર કરવામાં આવશે, જ્યારે અન્ય જહાજ પાકિસ્તામમાં જ એસેમ્બલ કરવામાં આવશે. જેનાથી પાકિસ્તાનની સંરક્ષણ ક્ષેત્રે ટેક્નોલોજી અને ઔદ્યોગિક ક્ષમતાને પ્રોત્સાહન મળશે. એઆઈ અને ઓટોમેટિક ટેક્નોલોજી પર ફોકસ કરતાં પાકિસ્તાનના નેવી ચીફ એડમિરલ નાવેદ અશરફે જણાવ્યું કે, આધુનિક યુદ્ધ સતત બદલાઈ રહ્યું છે, તેમાં માનવરહિત પ્રણાલીઓ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, અને ઉન્નત ઈલેક્ટ્રોનિક યુદ્ધ પ્રણાલી જેવી ટેક્નોલોજી ઝડપથી વધી રહી છે. પાકિસ્તાન નૌસેના હવે આ નવી ટેક્નોલોજી પર વિશેષ ધ્યાન આપી રહી છે. ચીન સાથે ભાગીદારીની સંભાવના શોધાઈ રહી છે. પાકિસ્તાન લાંબા સમયથી ચીન પાસેથી મોટાપાયે હથિયાર ખરીદી રહ્યું છે. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ ઈન્સ્ટીટ્યૂટના આંકડા અનુસાર, પાકિસ્તાન લાંબા સમયથી ચીન પાસેથી મોટાપાયે હથિયાર ખરીદી રહ્યું છે. ૨૦૨૦થી ૨૦૨૪ દરમિયાન ચીનની કુલ હથિયાર નિકાસના ૬૦ ટકાથી વધુ હિસ્સો પાકિસ્તાને ખરીદ્યો છે. બંને દેશો વચ્ચે અબજો ડોલરની હથિયારોની ડીલ ઉપરાંત ચીને પાકિસ્તાનમાં ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોરમાં પણ મોટાપાયે રોકાણ કર્યું છે.

### AIIMSના પૂર્વ ડિરેક્ટર ગુલેરિયાની ચેતવણી

## ફેફસાં નબળા હોય તેવા લોકો તાત્કાલિક દિલ્હી છોડે

### વધતું પ્રદૂષણ COVID-19 કરતાં પણ વધુ ખતરનાક

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીની હવા હવે ઝેરી બની ગઈ છે. છેલ્લા કેટલાક દિવસોથી પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે.

આ મોતની ચાદરના કારણે દિલ્હીવાસીઓને શ્વાસ લેવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. હવે ડૉક્ટર્સનું કહેવું છે કે રાજધાનીની હવા એટલી પ્રદૂષિત થઈ ગઈ છે કે અહીં રહેવું પણ મુશ્કેલ બની રહ્યું છે.

AIIMSના પૂર્વ ડિરેક્ટર અને દેશના પ્રમુખ પલ્મોનોલોજિસ્ટ ડૉ. રણદીપ ગુલેરિયાએ એક મોટી ચેતવણી આપી છે. તેમણે ભારપૂર્વક કહ્યું છે કે રાજધાનીમાં હાલમાં હેલ્થ ઈમરજન્સી જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. હાલમાં દિલ્હીની હવાની ગુણવત્તા અત્યંત ખતરનાક સ્તરે પહોંચી ગઈ છે. જે લોકોના ફેફસાં નબળા હોય તેવા લોકોએ તાત્કાલિક દિલ્હી છોડી દેવું જોઈએ. જો કોઈ વ્યક્તિ દિલ્હી છોડી ન શકે તો તેમણે પોતાની સુરક્ષા માટે સંપૂર્ણ સાવચેતી રાખવી જોઈએ, માસ્ક પહેરવું જોઈએ. ઘરોમાં એર ફિલ્ટરનો ઉપયોગ કરી શકાય છે.

ડૉ. ગુલેરિયાના મતે રાજધાનીમાં વધતું પ્રદૂષણ ખામોશ મૃત્યુ આપી રહ્યું છે અને તે COVID-19 કરતાં પણ વધુ ખતરનાક સાબિત થઈ શકે છે. હાલમાં પ્રદૂષણ માત્ર લોકોના ફેફસાંને જ અસર નથી કરી રહ્યું, પરંતુ તે લોહી સુધી પહોંચી ગયું છે અને શરીરને ગંભીર નુકસાન પહોંચાડી રહ્યું છે.

PM 2.5 જેવા સૂક્ષ્મ કણો માનવ રક્તમાં બળતરા વધારી રહ્યા છે, બ્લડ પ્રેશરમાં વધારો થઈ રહ્યો છે અને કોલેસ્ટ્રોલનું સ્તર પણ વધારી રહ્યા છે.

તેમનું કહેવું છે કે દુઃખદ વાત એ છે કે જો કોઈ વ્યક્તિ પ્રદૂષણને કારણે મૃત્યુ પામે તો પણ ડેથ સર્ટિફિકેટમાં એર પોલ્યૂશનને કારણ તરીકે સૂચિબદ્ધ કરવામાં નથી આવતું. પરંતુ સત્ય એ જ છે કે વર્તમાનમાં જેટલી પણ ગંભીર બીમારીઓ છે તેમાં પ્રદૂષણ એક નિર્ણાયક પરિબળ બની ગયું છે. પ્રદૂષણની અસરો માત્ર શરીર સુધી મર્યાદિત નથી, પરંતુ તેની અસર માનસિક સ્વાસ્થ્ય પર પણ પડી રહી છે. લોકોમાં થાક, સુસ્તી અને મૂડ સ્વિંગની સમસ્યાઓ ઝડપથી વધી રહી છે.

### અનિલ અંબાણી પર EDની કાર્યવાહી

## ફ્લેટ-પ્લોટ, ઑફિસ સહિત રૂ.૩૦૦૦ કરોડની સંપત્તિ જપ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

અનિલ અંબાણી પર ફરી એકવાર ઈડીએ સંકજો કસ્યો છે. તેમની મુશ્કેલીઓ દૂર થવાનું નામ લઈ રહી નથી. ઈડીએ મુંબઈના પાલી હિલ સ્થિત અનિલ અંબાણીના ઘરથી માંડી દિલ્હીમાં રિલાયન્સ સેન્ટર પ્રોપર્ટી અને દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ, મુંબઈ, પૂણે, થાણે, હૈદરાબાદ, ચેન્નઈ, કાંચીપુરમ અને ઈસ્ટ ગોદાવરી સહિત ફેલાયેલી રૂ. ૩૦૮૪ કરોડની ૪૦ સંપત્તિઓ ટાંચમાં લીધી છે. ઉદ્યોગપતિ અને તેમની ગ્રૂપ કંપનીઓ વિરૂદ્ધ કથિત લોન ફ્રોડ સંબંધિત મની લોન્ડરિંગ તપાસ મામલે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સત્તાવાર સૂત્રોએ જણાવ્યા પ્રમાણે, સંઘીય તપાસ એજન્સીએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ સંપત્તિઓને ટાંચમાં લેવામાં ચાર પ્રોવિઝનલ આદેશ જાહેર કર્યા હતા. જેમાં ૬૬ વર્ષીય અંબાણીનું મુંબઈમાં પાલી હિલ સ્થિત ઘર અને તેમના ગ્રૂપની કંપનીઓની રેસિડેન્શિયલ અને કોમર્શિયલ સંપત્તિઓ સામેલ છે.

દિલ્હીમાં મહારાજા રણજિતસિંહ માર્ગ પર રિલાયન્સ સેન્ટરનું એક ભૂખંડ અને નેશનલ રાજધાની, નોઈડા, ગાઝિયાબાદ, મુંબઈ, થાણે, હૈદરાબાદ, ચેન્નઈ, ઈસ્ટ ગોદારવરીમાં અનેક સંપત્તિ જપ્ત કરવામાં આવી છે. સૂત્રો અનુસાર, ટાંચમાં લીધેલી સંપત્તિનું કુલ મૂલ્ય રૂ. ૩૦૮૪ કરોડ છે. આ મામલો રિલાયન્સ હોમ ફાયનાન્સ લિમિટેડ અને રિલાયન્સ કોમર્શિયલ ફાયનાન્સ લિમિટેડ દ્વારા એકત્રિત કરવામાં આવેલી જાહેર સંપત્તિની કથિત હેરાફેરી અને મની લોન્ડરિંગ સંબંધિત છે. યસ બેંકે ૨૦૧૭થી ૨૦૧૯ દરમિયાન RHFLમાં રૂ. ૨,૯૬૫ કરોડ અને RCFL માં રૂ. ૨,૦૪૫ કરોડની લોન ફાળવી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) અનુસાર, ડિસેમ્બર ૨૦૧૯ સુધીમાં આ લોનને નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (એનપીએ) જાહેર કરવામાં આવી હતી, જેમાં RHFL પર રૂ. ૧,૩૫૩.૫૦ કરોડ અને RCFL પર રૂ. ૧,૯૮૪ કરોડ બાકી લેણાં હતા. અંબાણી સામેની કાર્યવાહી કથિત નાણાકીય અનિયમિતતાઓ અને રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત ગ્રૂપની અનેક કંપનીઓ દ્વારા રૂ. ૧૭,૦૦૦ કરોડથી વધુની સામૂહિક લોનને તેમના નિયુક્ત ભંડોળ સિવાયના ભંડોળમાં વાળવા સંબંધિત છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે(ED) આ કેસના સંદર્ભમાં ઑગસ્ટમાં ઉદ્યોગપતિની પૂછપરછ કરી હતી. આ પૂછપરછ ૨૪ જુલાઈના રોજ મુંબઈમાં ૫૦ કંપનીઓ અને તેમના પ્રોફેશનલ જૂથોના અધિકારીઓ સહિત ૨૫ વ્યક્તિઓના ૩૫ પરિસરમાં હાથ ધરાયેલા દરોડા બાદ થઈ હતી. ડિરેક્ટોરેટનો મની લોન્ડરિંગ કેસ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) FIR સાથે સંબંધિત છે.

### ટ્રમ્પની ટેરિફ વોરની અસર

## ભારતની અમેરિકામાં નિકાસમાં ૩૭.૫ ટકાનો ઘટાડો નોંધાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા અને ભારત વચ્ચે ચાલી રહેલા ટેરિફ વોરની અસર ભારતની નિકાસ પર પડી છે. જેમાં ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિયેટિવના પ્રકાશમાં આવેલા આંકડાઓ મુજબ મે અને સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન ભારતની અમેરિકામાં નિકાસમાં ૩૭.૫ ટકાનો ઘટાડો થયો છે. જે અત્યાર સુધીનો સૌથી મોટો ઘટાડો માનવામાં આવે છે.જેમાં અમેરિકાએ ટેરિફ વોરની શરુઆત કરતા એપ્રિલ ૨૦૨૫માં ભારતના સામાન પર ૧૦ ટકા ટેરિફ ઝીંક્યો હતો. જેને ઓગષ્ટમાં માસમાં વધારીને ૫૦ ટકા કરવામાં આવ્યો છે. જેના પગલે ભારતની અમેરિકામાં નિકાસ ૮.૮ બિલીયન ડોલરથી ઘટીને ૫.૫ બિલીયન ડોલર થઈ ગઈ છે. જે યુએસ બજારમાં ભારતની અત્યાર સુધીની સૌથી ઓછી નિકાસ છે.આ ઉપરાંત વધારેલા ટેરિફની સૌથી વધુ અસર ટેરિફ-મુક્ત માલ સામાન પર પડ્યો હતો. જેમાં ભારતથી યુએસમાં નિકાસ થતી ત્રીજા ભાગનો હિસ્સો ધરાવતી વસ્તુઓના નિકાસમાં ૪૭ ટકાનો ઘટાડો થયો છે. જે નિકાસ મે મહિનામાં ૩.૪ બિલીયન ડોલર હતી તે ઘટીને સપ્ટેમ્બર માસમાં ૧.૮ બિલીયન ડોલર થઈ ગઈ.જેમાં ભારતની સ્માર્ટફોન નિકાસમાં ૫૮ ટકાનો ઘટાડો થયો છે. નિકાસ મે મહિનામાં ૨.૨૯ બિલિયન ડોલરથી ઘટીને સપ્ટેમ્બરમાં માત્ર ૮૮૪.૬ મિલિયન ડોલર થઈ ગઈ છે. આ દરમિયાન, ફાર્માસ્યુટિકલ નિકાસમાં પણ ૧૫.૭ ટકાનો ઘટાડો થયો. દવાની નિકાસ ૭૪૫.૬ મિલિયન ડોલરથી ઘટીને ૬૨૮.૩ મિલિયન ડોલર થઈ ગઈ છે.ઈન્ડસ્ટ્રીયલ મેટલ અને ઓટો પાટ્ર્સની નિકાસમાં પણ ઘટાડો થયો છે. આ શ્રેણીમાં સરેરાશ ૧૬.૭ ટકાનો ઘટાડો જોવા મળ્યો.




# તંત્રી લેખ......

## SIR મુદ્દે ૪૪ રાજકીય પક્ષોએ SCની શરણમાં

તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિનના નેતૃત્વમાં ૪૪ રાજકીય પક્ષોએ ચૂંટણી પંચ (EC) સામે સુપ્રીમ કોર્ટના દ્વાર ખટખટાવ્યા છે. પક્ષોએ મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) સામે આ પગલું લેવાનો નિર્ણય લીધો છે. રાજ્યમાં ૨૦૨૬માં ચૂંટણીઓ યોજાવાની છે. તે પહેલાં, આ પક્ષોએ ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદીના સુધારાને લોકશાહી વિરોધી ગણાવ્યું છે.

SIR વિરુદ્ધની બેઠકમાં કુલ ૪૪ પક્ષોએ ભાગ લીધો હતો. જેમાં દિવંગત અભિનેતા અને રાજકારણી વિજયકાંતની પાર્ટી DMDK પણ સામેલ થઈ હતી. જોકે, DMDK કોઈપણ ગઠબંધનનો ભાગ નથી. AIADMK અને BJPને બેઠકમાં આમંત્રણ આપવામાં આવ્યું ન હતું. મીડિયા અહેવાલ મુજબ અભિનેતા વિજયની પાર્ટી તમિલગા વેટ્ટ્રી કઝગમ (TVK), એસ. રામદોસની PMK અને TTV પણ હાજર રહી ન હતી. તાજેતરમાં NDAથી અલગ થયેલા દિનાકરનની AMMKને પણ બેઠકમાં આમંત્રણ મળ્યું હોવા છતાં હાજરી આપી ન હતી. બેઠકમાં પસાર કરવામાં આવેલા એક પ્રસ્તાવમાં વિવિધ પાર્ટીએ ચૂંટણી પંચ સમક્ષ રિવિઝનની પ્રક્રિયા રોકવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું કે, બિહારમાં આ પ્રક્રિયા સાથે જોડાયેલા એક કેસમાં સુપ્રીમ કોર્ટનો નિર્ણય હજુ સુધી આવ્યો નથી. પ્રસ્તાવમાં ચૂંટણી પંચ પર નિશાન સાધતા કેન્દ્ર અને ભાજપના નેતૃત્વ હેઠળની સરકારની કઠપૂતળી ગણાવ્યું છે. દાવો કરવામાં આવ્યો છે કે, આ રિવીઝનથી લઘુમતી અને વિપક્ષ તરફ સોફ્ટ કોર્નર રાખતા મતદારોનો મત આપવાનો હક છીનવાઈ જશે. અભિનેતા વિજયની પાર્ટી TVKએ સ્ટાલિનની બેઠકમાં હાજરી આપી ન હતી. જોકે, TVK એ SIR ને કાનૂની પડકાર આપવાના સમર્થનમાં એક આકરું નિવેદન જાહેર કર્યું છે. TVKએ જણાવ્યું હતું કે અગાઉ, જ્યારે બિહારમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ ઈલેક્ટોરલ રોલ રિવિઝન માટે નોટિફિકેશન રજૂ કરવામાં આવ્યું હતું, ત્યારે TVK એ તેનો સખત વિરોધ કર્યો હતો અને તેની પાછળના ઈરાદાઓ વિશે ચેતવણી આપી હતી. બિહારમાં લાખો મતદારોના નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યા હતા. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે વિપક્ષો સતત આરોપ મૂકી રહ્યા છે કે, ધાર્મિક લઘુમતીઓના મતદારો સહિત અમુક લોકોને મત યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે. મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન સંબંધિત એક કેસ સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ એમસીએક્સ પર સોનાના વાયદામાં રૂ.૨૭૫ અને ચાંદીના વાયદામાં રૂ.૫૪૩ની વૃદ્ધિઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૨૪ લપસ્યો

**કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૫૨૭૭.૭૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮૫૬૭૬.૫૧ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૯૮૩૧.૮૯ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૮૫૪૩ પોઈન્ટના સ્તરે**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૧૦૯૫૬.૦૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૫૨૭૭.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૮૫૬૭૬.૫૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૦.૭૭ કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ.૦.૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ નવેમ્બર વાયદો ૨૮૫૪૩ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૮૬૩.૭ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૯૮૩૧.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૧૪૩૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૨૧૪૬ અને નીચામાં રૂ.૧૨૧૧૬૫ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૧૨૩૨ના આગલા બંધ સામે રૂ.૨૭૫ વધી રૂ.૧૨૧૫૦૭ થયો હતો. ગોલ્ડ-ગિની નવેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૧૧ વધી રૂ.૯૮૩૧૦ થયો હતો. ગોલ્ડ-પેટલ નવેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૩૮ વધી રૂ.૧૨૨૯૪ના ભાવે બોલાયો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮૭ વધી રૂ.૧૨૦૨૧૫ થયો હતો. ગોલ્ડ-ટેન નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૨૦૦૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૨૩૩૯ અને નીચામાં રૂ.૧૨૧૪૫૦ના મથાળે અથડાઈ, રૂ.૧૨૧૫૧૨ના આગલા બંધ સામે રૂ.૩૦૨ વધી રૂ.૧૨૧૮૧૪ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૪૮૭૯૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૯૭૪૭ અને નીચામાં રૂ.૧૪૮૨૧૮ના મથાળે અથડાઈ, રૂ.૧૪૮૨૮૭ના આગલા બંધ સામે રૂ.૫૪૩ વધી રૂ.૧૪૮૮૩૦ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૫૦૯ વધી રૂ.૧૫૧૧૧૪ થયો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૪૦૮ વધી રૂ.૧૫૧૦૪૦ના સ્તરે પહોંચ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૧૧૯૭.૯૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું નવેમ્બર વાયદો ૧૦ પૈસા ઘટી રૂ.૧૦૧૦.૭૫ના સ્તરે પહોંચ્યો હતો. જસત નવેમ્બર વાયદો રૂ.૨.૪૫ વધી રૂ.૩૦૩.૦૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો રૂ.૨.૪૫ વધી રૂ.૨૭૪.૨૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું નવેમ્બર વાયદો ૧૫ પૈસા વધી રૂ.૧૮૩.૫ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૪૩૩૦.૧૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી નવેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૨૧૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૪૦૨ અને નીચામાં રૂ.૩૨૧૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૭૨ વધી રૂ.૩૨૯૪ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૪૩૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૪૭૦ અને નીચામાં રૂ.૫૩૯૧ના સ્તરને સ્પર્શી, રૂ.૫૪૨૨ના આગલા બંધ સામે રૂ.૨૪ ઘટી રૂ.૫૩૯૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની નવેમ્બર વાયદો રૂ.૧૭ ઘટી રૂ.૫૪૦૩ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ નવેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૨ વધી રૂ.૩૭૬.૯ થયો હતો. નેચરલ ગેસ-મિની નવેમ્બર વાયદો રૂ.૧૨.૧ વધી રૂ.૩૭૬.૯ના સ્તરે પહોંચ્યો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૩૯.૯ના ભાવે ખૂલી, ૩૦ પૈસા વધી રૂ.૯૩૯.૮ થયો હતો. કોટન નવેમ્બર વાયદો રૂ.૧૪૦ વધી રૂ.૨૫૮૯૦ થયો હતો. એલચી નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૭૪૦ના ભાવે ખૂલી, રૂ.૧૨ ઘટી રૂ.૨૭૦૫ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૩૬૦૩.૨૩ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૬૨૨૮.૬૬ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૬૬૨.૯૯ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૫૮.૩૮ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૮.૩૪ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૩૪૭.૭૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૩૦.૫૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૭૨૦.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૩૫૭૯.૫૪ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૨.૮૮ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ.૦.૨૬ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૧.૦૧ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૬૨૮૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૨૯૮૦ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૦૫૧૩ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૦૧૨૫૧ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૮૪૫૯ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૭૨૩૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૫૩૮૪૯ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૪૯૬૭૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૮૭૬ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૮૦૮ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૮૮૧૧ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ નવેમ્બર વાયદો ૨૮૭૨૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૮૭૩૪ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૮૫૪૩ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૭૬ પોઈન્ટ ઘટી ૨૮૫૪૩ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૧.૩ ઘટી રૂ.૧૫૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૩૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૬.૧ વધી રૂ.૨૧.૩૫ના ભાવે બોલાયો હતો. સોનું નવેમ્બર રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫ વધી રૂ.૬૯૫ થયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૬૭ વધી રૂ.૫૧૪૦.૫ થયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૪૩ પૈસા ઘટી રૂ.૧૭.૮૧ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૫૫ પૈસા વધી રૂ.૭.૪ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩.૧ ઘટી રૂ.૧૪૭.૧ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૯૫ ઘટી રૂ.૧૦.૫૫ થયો હતો. સોનું નવેમ્બર રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૯ ઘટી રૂ.૨૦૨.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬ વધી રૂ.૪૯૮ના ભાવે બોલાયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૦૭ ઘટી રૂ.૧૫.૫ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર રૂ.૨૯૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૨૨ ઘટી રૂ.૨.૮૮ થયો હતો.

## એક ટ્રોલી બેગમાંથી મળ્યો ૨૫ વર્ષીય યુવતીનો મૃતદેહ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

દેશમાં હવે ક્યાંય જાહેરમા બેગ, ડ્રમ દેખાય તો લોકોમાં ડરનો માહોલ ફેલાઈ જાય છે. ત્યારે ફરી એકવાર બેગમાંથી લાશ મળી છે. સુરતના કોસંબા નજીક બેગમાંથી મહિલાનો મૃતદેહ મળ્યો છે. હત્યારાએ યુવતીના પગ બાંધી બે ફૂટની ટ્રોલી બેગમાં બેવડું વાળી લાશ ભરી હતી. હાથ પરના ટેટૂથી પોલીસે તપાસ શરૂ કરી છે. સુરતના કોસંબી વિસ્તારમાં એક બંધ ટ્રોલી બેગમાંથી મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે. કોસંબા ઓવર બ્રિજ પાસે મારુતિના શો રૂમ બાજુના રોડના કિનારે બેગ પડી હતી. માંગરોળ તાલુકાના કોસંબા નજીક લોકોની નજર લાવારીશ બેગ પર પડી હતી. તેથી સ્થાનિકોએ જાણ કરતા પોલીસે સ્થળ પર પહોંચીને તપાસ કરી હતી. જેમાં બેગમાંથી યુવતીની લાશ મળી આવી હતી. મૃતદેહનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો છે. તેમજ હત્યારાને શોધવામાં પોલીસની ટીમો કામે લાગી છે. પોલીસે પ્રાથમિક તપાસમાં જોયું તો, યુવતીના મૃતદેહના પગ બાંધેલા હતા. આખા મૃતદેહને પડીકું વાળે તેમ બેગમાં મૂકાયો હતો. કપડા દ્વારા મહિલાને લાશને બાંધવામાં આવી છે. જોકે, શરીરના કોઈ ટુકડા કરાયા નથી. મહિલાના હાથ પર ટેટૂ પર દોરાયેલા છે. જેના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે. હાલ મહિલાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો છે. જેમાં મહિલાની મોત કેવી રીતે થઈ તે માહિતી સામે આવી છે.

## ભાવનગર-ઓખા એક્સપ્રેસ ૦૪ અને ૦૫ નવેમ્બરનાં રોજ દ્વારકા સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે

રેલવે પ્રશાસન દ્વારા ઓખા સ્ટેશન પર એલ.સી. નંબર ૩૧૩ના એલ.એચ.એસ. પર ગર્ડર લૉન્ચિંગ કાર્ય હાથ ધરવામાં આવવાને કારણે તા. ૦૫ અને ૦૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ જરૂરી ઈજનેરી કાર્ય કરવામાં આવશે. આ કાર્યને ધ્યાનમાં રાખીને કેટલીક ટ્રેનોને શૉર્ટ ટર્મિનેટ અને શૉર્ટ ઓરિજિનેટ કરવામાં આવશે.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપી કે —

● ટ્રેન નંબર ૧૯૨૦૯ ભાવનગર—ઓખા એક્સપ્રેસ તા. ૦૪ અને ૦૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ દ્વારકા સ્ટેશન પર જ સમાપ્ત થશે.

● આ જ રીતે, ટ્રેન નંબર ૧૯૨૧૦ ઓખા—ભાવનગર એક્સપ્રેસ તા. ૦૫ અને ૦૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ દ્વારકા સ્ટેશનથી જ પ્રારંભ થશે.

ભાવનગર મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ મુસાફરોને વિનંતી કરી છે કે તેઓ નિર્ધારિત તારીખોમાં મુસાફરી પહેલાં ગાડીઓની સ્થિતિ અને સમય સંબંધિત તાજી માહિતી માટે NTES એપ અથવા ભારતીય રેલવેની અધિકૃત વેબસાઈટ પરથી માહિતી મેળવી લે.

આરક્ષિત મુસાફરોને આ બદલાવ અંગેની જાણ SMS એલર્ટ દ્વારા આપવામાં આવશે. રેલવે પ્રશાસન મુસાફરોના સહકારની અપેક્ષા રાખે છે અને કોઈ પણ અસુવિધા માટે ખેદ વ્યક્ત કરે છે.

૩૮૯ કેસને અંજામ આપ્યો હતો અંજામ

## ૨૦૦ કરોડના સાયબર ફ્રોડના ઈન્ટરનેશનલ નેટવર્કનો પર્દાફાશ

### પોલીસે ટેક્નિકલ એનાલીસીસની મદદથી મોરબી, સુરત, અને સાવરકુંડલા ખાતેથી ૬ આરોપીઓને પકડી પાડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાત સ્થિત સાયબર સેન્ટર ઓફ એક્સીલન્સ ગાંધીનગરે એક મોટી કાર્યવાહીમાં આંતરરાજ્ય અને આંતરરાષ્ટ્રિય સાયબર ક્રાઈમના ગુનાઓ આચરતા આરોપીઓને પકડી પાડ્યા છે. આ ગેંગે દેશના જુદા-જુદા રાજ્યોમાંથી અંદાજે ૨૦૦ કરોડ રૂપિયાની સાયબર ઠગાઈ કરી હતી. આ ગુનાઓ દ્વારા કુલ ૩૮૯ કેસને અંજામ આપવામાં આવ્યો હતો.

પોલીસે આ સમગ્ર પ્રકરણ બાબતે હ્યુમન સોર્સ તેમજ ટેક્નિકલ એનાલીસીસની મદદથી મોરબી, સુરત, અને સાવરકુંડલા ખાતેથી કુલ ૦૬ આરોપીઓને પકડી પાડ્યા છે. આ આરોપીઓ સાયબર ફ્રોડના નાણાંનું રૂપાંતર કરીને દુબઈમાં બેઠેલા સાયબર ક્રાઈમ સિન્ડીકેટના આરોપીઓને મોકલી આપતા હતા.

આ ગુનામાં આરોપીઓ દ્વારા અલગ-અલગ બેંકોમાં મ્યુલ એકાઉન્ટો ખોલાવવામાં આવતા હતા. સાયબર ક્રાઈમમાં ભોગ બનેલા નાગરિકોના ગુમાવેલા નાણાંને આ મ્યુલ એકાઉન્ટમાં જમા લેવામાં આવતા હતા. નાણાં જમા થયા બાદ તેનું રોકડ અથવા ક્રિપ્ટો કરન્સીમાં રૂપાંતર કરવામાં આવતું હતું. ત્યારબાદ આ નાણાં આંગડીયા અથવા ક્રિપ્ટો ટ્રાન્ઝેક્શન મારફતે દુબઈમાં બેઠેલા સાયબર ક્રાઈમ સિન્ડીકેટના આરોપીઓને મોકલી આપવામાં આવતા હતા. આ રીતે તેઓ પોતાના આર્થિક ફાયદા માટે ભારતના લોકો સાથે છેતરપિંડી કરતા હતા.

પોલીસે ૬ આરોપીઓ પાસેથી મુદામાલ તરીકે ૧૨ મોબાઈલ ફોન અને ૨ સીમ કાર્ડ કબ્જે કર્યા છે. આ આરોપીઓના મોબાઈલ ફોન તપાસતા તેમની પાસેથી ૧૦૦થી વધુ બેંક એકાઉન્ટની વિગતો મળી આવેલી છે. આ વિગતોને સમન્વય પોર્ટલ પર તપાસતા સમગ્ર દેશમાં ૩૮૯થી વધુ સાયબર ક્રાઈમના ગુના આચરવામાં આવેલા છે, જેમાં અંદાજે ૨૦૦ કરોડ રૂપિયાની સાયબર ઠગાઈ આ ગેંગ દ્વારા આચરવામાં આવી છે. આ ગુનામાં નોંધાયેલા આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી ગેંગના સભ્યોને પકડી પાડવામાં આવ્યા છે.

આ કામના આરોપીઓએ આર્થિક લાભ મેળવવા માટે ગુનામાં મદદગારી કરી હતી. તેમની મોડસ ઓપરેન્ડીમાં લખતર એ.પી.એમ.સી.માં પોતાની પેઢી રજીસ્ટર કરીને દુકાન શરૂ કરવાનો સમાવેશ થાય છે. આ દુકાનની આડમાં તેઓએ મ્યુલ એકાઉન્ટ ખોલાવ્યા હતા અને છેતરપીંડીના રૂપિયા જમા થશે તેવું જાણવા છતાં બેંક ખાતાની વિગતો પુરી પાડી હતી. પકડાયેલા આરોપીઓમાં મોરબીના મહેન્દ્ર શામજીભાઈ સોલંકી અને રૂપેન પ્રાણજીવનભાઈ ભાટીયા, સુરેન્દ્રનગરના રાકેશભાઈ કાંતીભાઈ લાણીયા અને રાકેશકુમાર ચમનભાઈ દેકાવાડીયા, તેમજ સુરતના વિજય નાથાભાઈ ખાંભલ્યા અને પંકજ બાબુભાઈ કથિરીયાનો સમાવેશ થાય છે.આ સાયબર ક્રાઈમ સિન્ડીકેટ દ્વારા જુદી-જુદી મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આમાં ડિજિટલ અરેસ્ટ, ફાયનાન્સિયલ ફ્રોડ, પાર્ટ ટાઈમ જોબ ફ્રોડ, ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ, યુપીઆઈ સંબંધિત ફ્રોડ, ડિપોઝીટ ફ્રોડ, લોન ફ્રોડ, ટાસ્ક ફ્રોડ અને વીશીંગ કોલ ફ્રોડ જેવા ગુનાઓનો સમાવેશ થાય છે. પકડાયેલા આરોપીઓ આ મ્યુલ એકાઉન્ટમાં જમા થતા સાયબર ફ્રોડના નાણાંનું ચેક વિડ્રોલ, એટીએમ વિડ્રોલ, ઓનલાઈન એપ્સ, ક્રિપ્ટો ટ્રાન્ઝેક્શન તથા આંગડીયા મારફતે સગવગે કરતા હતા.

માનનીય રેલવે મંત્રીએ અમદાવાદ સ્ટેશનની મુલાકાત લીધી

## અમદાવાદ સ્ટેશનના પુનર્વિકાસ અને હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી

માનનીય રેલ, માહિતી અને પ્રસારણ, ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે તારીખ ૦૩.૧૧.૨૦૨૫ના રોજ અમદાવાદ સ્ટેશનની મુલાકાત લીધી હતી. આ અવસરે તેમણે અમદાવાદ સ્ટેશન પર ચાલી રહેલ પુનર્વિકાસ કામો તથા હાઈ-સ્પીડ રેલ (બુલેટ ટ્રેન) પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી.



માનનીય રેલ, માહિતી અને પ્રસારણ, ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે અમદાવાદ સ્ટેશનની મુલાકાત લીધી અને આ પ્રસંગે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું કે ભારતમાં યાત્રીઓની આવશ્યકતાઓ ને ધ્યાનમાં રાખીને સમગ્ર દેશમાં રેલ્વે સ્ટેશનોના વ્યાપક પુનર્વિકાસ કરવામાં આવી રહ્યા છે. હાલ ૧૩૦૦થી વધુ સ્ટેશનો પર પુનર્વિકાસની કામગીરી ચાલી રહી છે, જેમાં અમદાવાદ સ્ટેશન એક મુખ્ય કેન્દ્ર છે.

શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે અમદાવાદ સ્ટેશન ખાતે ૧૬ માળની આધુનિક બિલ્ડિંગનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. સરસપુર તરફ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે અને અમદાવાદ હાઈ-સ્પીડ રેલ સ્ટેશન લગભગ પૂર્ણ થવા આવ્યું છે. બુલેટ ટ્રેન સ્ટેશન અને અમદાવાદ રેલ્વે સ્ટેશનને એકીકૃત સ્વરૂપે વિકસાવવામાં આવી રહ્યા છે, સરસપુર સાઈડ મેટ્રો સ્ટેશનનું કામ પૂર્ણ થઈ ગયું છે અને મુસાફરો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું કે અમદાવાદ સ્ટેશનને ત્રણ વધારાના પ્લેટફોર્મ્સ મળશે, જેથી ટ્રેનોની સંચાલન ક્ષમતા વધશે. સ્ટેશનને શહેરના બંને તરફ, કાલુપુર અને સરસપુર બાજુ આધુનિક સ્વરૂપે વિકસાવવામાં આવી રહ્યું છે. બધા પ્લેટફોર્મ્સ કોન્કોર્સ રૂફ પ્લાઝાથી આવરી લેવાશે અને સ્ટેશન પર એલિવેટેડ રોડનું કામ પણ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. આ રીતે કાલુપુર અને સરસપુર બન્ને તરફના ભાગોને કોન્કોર્સ, એલિવેટેડ રોડ અને ફૂટઓવર બ્રિજથી જોડવામાં આવશે. મંત્રીશ્રીએ માહિતી આપી હતી કે છેલ્લી વખત જ્યારે તેમણે પ્રોજેક્ટનું નિરીક્ષણ કર્યું હતું ત્યારે ભોંયરુંનું કામ ચાલુ હતું, હવે બે ભૂગર્ભ ભોંયરાઓ અને ગ્રાઉન્ડ ફ્લોરનું કામ પૂર્ણ થઈ ગયું છે જ્યારે ચોથા માળ સુધીની સ્ટ્રક્ચર ફ્રેમ તૈયાર થઈ ગઈ છે.

દેશના મુખ્ય ૨૦ સ્ટેશનો જેમ કે દિલ્હી, મુંબઈ, ચેન્નઈ, કોલકાતા અને અમદાવાદમાંથી નવી ટ્રેનોની માંગ વધુ આવે છે. ગુજરાતમાં અમદાવાદ અને સુરતથી પણ વધુ માંગ રહે છે. આ વધતી માંગને ધ્યાનમાં રાખીને ટ્રેનોની સંચાલન ક્ષમતાને વધારવા માટે અમદાવાદના વટવામાં એક મેગા ટર્મિનલ વિકસાવવામાં આવશે, જેમાં ૧૦ પિટ લાઈનો બનાવવામાં આવશે. જેના માધ્યમથી અંદાજે ૪૫ વધારાની ટ્રેનોની ક્ષમતા વધશે, જેથી ક્યાંક ૧૫૦ જેટલી ટ્રેનોનું સંચાલન શક્ય બનશે. અમદાવાદ સ્ટેશનનું પુનર્વિકાસ કાર્ય વારસાગત સ્મારકોને આધુનિક શહેરી કેન્દ્ર સાથે જોડવાની વિચારધાર પર આધારિત છે. આ પ્રોજેક્ટ વિશ્વ સ્તરના મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ હબ (MMTH) તરીકે વિકસિત થશે, જેમાં પર્યાપ્ત પાર્કિંગ, કાલુપુર ROB અને સારંગપુર ROBને જોડતો એલિવેટેડ રોડ નેટવર્ક, લેન્ડસ્કેપ્ડ પ્લાઝા, કોન્કોર્સ વિસ્તાર અને અદ્યતન મુસાફરી સુવિધાઓ સામેલ રહેશે. સ્ટેશનની વાસ્તુશિલ્પીય ડિઝાઈન મોઢેરાના સૂર્ય મંદિરથી પ્રેરિત છે, જે સાંસ્કૃતિક વારસો અને આધુનિક સૌંદર્યનો સુંદર સંગમ રજૂ કરશે. કાલુપુર તરફનું આઈકોનિક MMTH ટાવર અમદાવાદના આર્કિટેક્ચરલ દ્રશ્યમાં એક નવું પ્રતીક બનશે. ASI દ્વારા સુરક્ષિત 'ઈંટ મીનાર' તથા 'ઝૂલતા મીનાર'ને પણ પુનર્વિકાસ યોજનામાં સામેલ કરવામાં આવશે. આ સ્ટેશન રાષ્ટ્રીય હાઈ-સ્પીડ રેલ ટર્મિનલ, મેટ્રો અને BRTS સાથે એલિવેટેડ નેટવર્ક દ્વારા સરળતાથી જોડાશે, જેથી અસરકારક મલ્ટીમોડલ એકીકરણ સુનિશ્ચિત થશે અને શહેરના ટ્રાફિકમાં ઘટાડો થશે. રેલ પાટા ઉપર ૧૫ એકર જેટલા ક્ષેત્રમાં કોન્કોર્સ પ્લાઝા તેમજ ૭ એકરનો મેઝેનાઈન પ્લાઝા બનશે, જેમાં મુસાફરો માટે વેઈટિંગ રૂમ, શૌચાલય, ફૂડ કોર્ટ, રિટેલ દુકાનો વગેરે સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. પુનર્વિકસિત સ્ટેશન ગ્રીન બિલ્ડિંગ ધોરણે વિકસાવવામાં આવશે, જ્યાં ઊર્જા કાર્યક્ષમતા, પાણી બચત અને નવીનીકરણીય ઊર્જાના ઉપયોગ પર ધ્યાન આપવામાં આવશે.

સ્ટેશનમાં અદ્યતન સુરક્ષા તકનીકો, સ્વચાલિત પાર્સલ ડેપો સિસ્ટમ અને દિવ્યાંગજન માટે સુસંગત લિફ્ટ તથા એસ્કેલેટરની સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.

અમદાવાદ રેલ્વે સ્ટેશનનું પુનર્વિકાસ પ્રોજેક્ટ માત્ર આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું પ્રતીક નહીં, પરંતુ સાંસ્કૃતિક વારસાને જાળવી રાખતાં અમદાવાદને વૈશ્વિક મહાનગર તરીકે સ્થાપિત કરવામાં સહાયક બનશે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ - નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી - સાયન્સ ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાની ઉપસ્થિતિ

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના વિકાસ માટે ઈલેક્ટ્રોનિક્સ અને સેમિકન્ડક્ટર ઉત્પાદનના મહત્વના ક્ષેત્ર પર વિશેષ ફોકસ સાથેનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છેઃ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ

ઈન્ફોર્મેશન ટેકનોલોજી, રેલવે તથા માહિતી પ્રસારણ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ઈલેક્ટ્રોનિક્સ અને સેમિકન્ડક્ટર ક્ષેત્ર પર વિશેષ ફોકસ સાથેનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, દેશના વિકાસ માટે ઈલેક્ટ્રોનિક્સ અને સેમિકન્ડક્ટર ઉત્પાદન અત્યંત મહત્વના છે અને વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં આ ક્ષેત્રો ખુબ ઝડપી અને સારી પ્રગતિ કરી રહ્યા છે.

મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે ગુજરાતમાં સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ફેબના પ્રોજેક્ટ્સની પ્રગતિની વિગતો મેળવવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, સાયન્સ ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી.

તેમણે ધોલેરા અને સાણંદમાં નિર્માણાધીન ટાટા, માઈક્રોન અને સીજી સેમિકોન જેવા સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સ માટે જરૂરી વીજળી, પાણી, લોજિસ્ટિક્સ અને સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા રેલ, રોડ એન્ડ એર કનેક્ટિવિટીના રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાઈ રહેલા કામોની તલસ્પર્શી વિગતો આ બેઠકમાં વિસ્તૃત પ્રેઝન્ટેશન દ્વારા મેળવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ બેઠકમાં જણાવ્યું કે, ભારતમાં સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ શરૂ કરવા અગાઉ અનેક પ્રયત્ન થયા હતા પરંતુ હવે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાસન દાયિત્વ સંભાળતા આ

### ગુજરાતમાં સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ફેબના પ્રોજેક્ટ્સની પ્રગતિની વિગતો મેળવવા ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજતા કેન્દ્રીય મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ

મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ ભારતમાં કાર્યરત થવા જઈ રહ્યા છે. લોકોને વિશ્વાસ છે કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત સેમિકોન ક્ષેત્રે અગ્રણી લીડર બનશે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાત સેમિકોન હબ તરીકે લીડ લે તેવું જે વાતાવરણ વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં ઉભુ થયું છે તેને જાળવી રાખીને સેમિકન્ડક્ટર સેક્ટરના વિકાસ માટે ફોકસ કરવા ટાઈમ બાઉન્ડ પ્લાનિંગ કરવા સંબંધિત વિભાગો સંકલન કેળવીને આગળ વધે તે જરૂરી છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ નિયમિત ફોલોઅપ બેઠક યોજવા અને સમયસર ચોકસાઈ સાથે બધા કાર્યો પૂરા કરવાની તાકીદ કરી હતી.

કેન્દ્રીય મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે ધોલેરા આગામી સમયમાં હાઈટેક ઉત્પાદનનું મોટુ કેન્દ્ર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતાં કહ્યું કે, દેશ અને ગુજરાતના સેમિકન્ડક્ટર સેક્ટર પર દુનિયાના લગભગ બધા દેશોની નજર છે અને ધોલેરાનો વિશેષ ઉલ્લેખ સેમિકોન ઈન્ડસ્ટ્રી સંદર્ભે થાય છે.

આવા સંજોગોમાં ભારતમાં પહેલી સેમિકન્ડક્ટર ચીપ ફુલ્લી ફંકશનલ કરવા માટેના નિર્ધારિત સમય દરમિયાન જ તે કાર્યરત થાય તેની મોટી જવાબદારી કેન્દ્ર-રાજ્ય સરકારે નિભાવવાની છે.

મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે આ બેઠકમાં ૧૦ જેટલા ક્રિટિકલ પ્રોજેક્ટ્સની વિગતો મેળવીને તેને સ્પર્શતી બાબતો માટે રેગ્યુલર ફોલોઅપ મીટીંગ થાય તેવા દિશા-નિર્દેશો આપ્યા હતા. તેમણે કહ્યું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારના સંબંધિત વિભાગો સેમિકન્ડક્ટર ઉદ્યોગોને જરૂરી મદદ માટે ૨૪ઠ૭ ઉપલબ્ધ છે.

આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયા, કેન્દ્ર-રાજ્ય સરકારના સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવો તથા ટાટા, સેમિકોન, સીજી અને માઈક્રોનના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.



### ઔદ્યોગિક એકમો, સંસ્થાઓ અને વૃક્ષપ્રેમીઓ થકી ગુજરાતને હરિયાળું બનાવવા અનોખી પહેલ

# 'ગ્રિન કવર' વધારવાના ધ્યેય સાથે રાજ્યભરમાં PPP મોડથી અંદાજે કુલ ૭ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર

ભારત સહિત વિશ્વભરમાં 'કલાયમેટ ચેન્જ'ની સમસ્યાના પરિણામલક્ષી ઉકેલ માટે અનેકવિધ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં, વન-પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા અને રાજ્ય મંત્રી શ્રી પ્રવીણભાઈ માળીના નેતૃત્વમાં રાજ્ય સરકાર અને જનભાગીદારી એટલે કે PPP મોડલથી મહત્તમ વૃક્ષ વાવવા-ઉછેરવાની સાથે વિવિધ સ્વરૂપે ગ્રીન કવર- કવચ ઉભું કરવામાં આવી રહ્યું છે.

વન વિભાગની સાથેસાથે ખાનગી ઔદ્યોગિક એકમો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને વૃક્ષપ્રેમીઓ થકી ગુજરાતને હરિયાળું બનાવવા વિવિધ અનોખી પહેલ હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે રાજ્યભરમાં ગ્રિન કવર વધારવાના ધ્યેય સાથે PPP મોડલથી અંદાજે કુલ ૭ લાખથી વધુ વૃક્ષો વાવીને ઉછેરવામાં આવી રહ્યા છે. અનોખી પહેલ બદલ કલાયમેટ ચેન્જ વિભાગ દ્વારા તાજેતરમાં આ સંસ્થાઓનું રાજ્ય કક્ષાએ એવોર્ડ આપી સન્માન પણ કરવામાં આવ્યું છે.

પર્યાવરણ બચાવવાની અનોખી ઝુંબેશ સાથે શ્રી રામકૃષ્ણ એક્સપોર્ટ્સ પ્રાઈવેટ લિમિટેડની SRK નેટ ઝીરો-એમિશન, એનર્જી, વોટર અને વેસ્ટની ઔદ્યોગિક એકમ કેટેગરી અંતર્ગત એવોર્ડ અપાયો છે. આ કંપનીએ નવસારી, ઉભરાટ અને નિમલાઈ ગામોમાં ૧.૭૫ લાખથી વધુ વૃક્ષારોપણ કર્યુ છે. વધુમાં કંપનીએ બંને ઓફિસને ૬ મેગાવોટ સોલાર પ્લાન્ટથી સંચાલિત કરીને નેટ ઝીરો ઊર્જા અને ઉત્સર્જન હાંસલ કરવાની સાથે DQS ઈન્ડિયા દ્વારા કાર્બન ફૂટપ્રિન્ટની માન્યતા મેળવી છે. પાણી સંરક્ષણ માટે 100 KLD ક્ષમતા ધરાવતી ગંદા પાણીની શુદ્ધિકરણ સિસ્ટમ અને ૭ બોરવેલ રિચાર્જ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે. "ગીતા વાટિકા" પ્રોજેક્ટ હેઠળ તળાવોના પુનઃજીવન માટેનું કાર્ય હાથ ધર્યુ છે.

જ્યારે ડો. કે. આર. શ્રોફ ફાઉન્ડેશનને સમુદાય આધારિત વૃક્ષારોપણ અને સહભાગી પાણી વ્યવસ્થાપન માટે જન જાગૃતિ કેટેગરી અંતર્ગત એવોર્ડ આપવામાં આવ્યો છે. વન સપાટી અભિયાન હેઠળ, VSSM સાથે ભાગીદારીમાં બનાસકાંઠામાં ૨૩, સાબરકાંઠા-૧૩ અને પાટણમાં બે સહિત ૩૮ સ્થળોએ કુલ ૪.૪૪ લાખથી વધુ વૃક્ષો રોપવામાં આવ્યા છે. ''એક બાળક, એક વૃક્ષ'' કાર્યક્રમ હેઠળ ૧,૦૦૦ શાળાઓમાં ૫૦ હજાર વૃક્ષો રોપાયા, જેમાંથી ૪૦ હજાર વૃક્ષો આજે પણ ફળફૂલ આપી રહ્યા છે. ઉપરાંત આ સંસ્થાએ છેલ્લા ત્રણ વર્ષમાં, બનાસકાંઠામાં ૧૬, સાબરકાંઠા ૩૧, મહેસાણા ૧૨, પાટણ અને ગાંધીનગરમાં એક-એક એમ કુલ ૬૧ તળાવોને ઊંડા કરવાની કામગીરી કરવામાં આવી છે. જેનાથી ૬૩.૮૦ કરોડ લિટર પાણી સંગ્રહ ક્ષમતા વધારીને ૬.૩૮ લાખ ઘન મીટર માટી કાઢવામાં આવી છે જેના પરિણામે ૬૧ ગામોમાં ૧.૩૪ લાખથી વધુ ગામજનોને લાભ થયો છે.

વૃક્ષપ્રેમી શ્રી વિજેશભાઈ ગામિતની વૃક્ષારોપણ અને સ્વચ્છ અભિયાનમાં વ્યક્તિગત કેટેગરી અંતર્ગત એવોર્ડ આપવામાં આવ્યો છે. તેઓએ પ્રેરણાદાયી ''બીજમાથી તું વૃક્ષ થા'' અભિયાન હેઠળ છેલ્લા ૧૦ વર્ષમાં કાવલા ગામ અને આસપાસના જંગલ વિસ્તારોમાં ૨૫ હજારથી વધુ વૃક્ષો વાવ્યા છે. તેમણે શાળાના બાળકોને તહેવારો અને ઉજવણી દરમિયાન છોડ વિતરણ કર્યા છે. પર્યાવરણ શિક્ષણ માટે અનેક શાળાઓમાં સેમિનાર યોજાયા અને આંગણવાડી કેન્દ્રોમાં દરેક બાળકને એક છોડ આપીને પ્રારંભિક પર્યાવરણીય જવાબદારી વિકસાવી. તેઓ શાળાના પ્રવેશોત્સવ દરમિયાન દર વર્ષે વૃક્ષ વિતરણ કરે છે.

આ ઉપરાંત શ્રી ભરતકુમાર ધીરાભાઈ વાલાણીની 'સુખનાથ વન' વિષય અંતર્ગત જન જાગૃતિ કેટેગરીમાં એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. તેમના નેતૃત્વ હેઠળ મિયાવાકી પદ્ધતિથી ૨૦ હજારથી વધુ વૃક્ષોનું રોપણ કરીને સુખનાથ વન બનાવવામાં આવ્યુ છે, જે ટ્રસ્ટ અને સક્રિય જનસહભાગિતાના સહયોગથી શક્ય બન્યું છે. આ વનને ડિજિટલ ફોરેસ્ટ તરીકે પણ ઓળખવામાં આવે છે.

જ્યારે નરોડા એન્વાયરો પ્રોજેક્ટ્સ લિમિટેડની વેસ્ટ વોટર CETP પ્લાન્ટ ઔદ્યોગિક એકમ કેટેગરી અંતર્ગત એવોર્ડ માટે પસંદગી પામી છે. આ કંપની પ્રદૂષિત પાણીનું શુદ્ધીકરણ માટેનો પ્લાન્ટ ચલાવતી ઔદ્યોગિક સંસ્થા છે, જેમાં ૨૦૦ જેટલા ઉદ્યોગો સભ્ય છે અને તેમનું પ્રદૂષિત પાણી કંપની દ્વારા શુદ્ધીકરણ માટે એકત્રિત કરવામાં આવે છે. આ કંપની ઘન અને પ્રવાહી કચરાનું નિકાલ અને નિયમન તથા વ્યવસ્થાપન કરે છે. કંપનીમાં ૩,૦૦૦થી વધુ છોડ અને વૃક્ષો વાવવામાં આવ્યા છે, જે ૮,૦૦૦ ચોરસ મીટરમાં ગ્રીન બેલ્ટ ધરાવે છે. કરાઈ ગામ, મહેસાણા જિલ્લામાં ૪.૫ MWh ક્ષમતા ધરાવતી સોલાર એનર્જી સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે, જે CETP નરોડા હેડ ઓફિસમાં ઉપયોગમાં લેવાય છે અને દર મહિને અંદાજે રૂ. ૬૦ લાખની વીજળી બચત થાય છે. કંપની દ્વારા ૩૬ એકર જમીન પર એક ઈકો પાર્ક વિકસાવવામાં આવ્યો છે, જ્યાં ૨૪ લાખ મેટ્રિક ટન જૂના ઘન કચરાને વૈજ્ઞાનિક રીતે ઢાંકીને ગ્રીન પાર્કમાં રૂપાંતરિત કરવામાં આવ્યો છે.

આમ, રાજ્ય સરકાર અને પબ્લિક પ્રાઈવેટ પાટનરશિપ-PPP મોડલથી કુલ ૭ લાખથી વધુ વૃક્ષો વાવીને ગુજરાતને વધુને વધુ હરિયાળું બનાવવા સંયુક્ત ભાગીદારીથી નોંધપાત્ર કાર્ય થઈ રહ્યું છે તેમ, ક્લાઈમેટ ચેન્જ વિભાગની યાદીમાં જણાવ્યું છે.

- જનક દેસાઈ

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૧૫ નવે. ફરી એકવાર ગુજરાતની મુલાકાતે પધારશે




પ્રતિનિધિ, ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી તારીખ ૧૫ નવેમ્બર ૨૦૨૫ ના રોજ ગુજરાતના ડેડીયાપાડાની મુલાકાત લેશે. આ મુલાકાત રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ આદિવાસી ગૌરવ દિવસની ઉજવણીના ભાગરૂપે યોજાશે.

વડાપ્રધાન મોદી આ દિવસે મહાન આદિવાસી સ્વતંત્ર્ય સેનાની ભગવાન બિરસામુંડાની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણીમાં ભાગ લેશે, કેન્દ્ર સરકારે બિરસામુંડાની જન્મ જયંતિને આદિવાસી ગૌરવ દિવસ તરીકે જાહેર કરી છે. વડાપ્રધાન મોદી ૧૫ નવેમ્બરે ડેડીયાપાડામાં આયોજીત ભવ્ય કાર્યક્રમમાં હાજરી આપશે અને દેશભરમાં થનારી ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણીનો પ્રારંભ કરાવશે. આ ઉજવણી થકી આદિવાસી સમુદાયના યોગદાન અને સંસ્કૃતિને રાષ્ટ્રીય સ્તરે સન્માનિત કરવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૫ નવેમ્બરે સુરત એરપોર્ટ પર ઉતર્યા બાદ ત્યાંથી હેલીકોપ્ટર મારફતે સીધા ડેડીયાપાડા પહોચશે, તેઓ કાર્યક્રમમાં આદિવાસી સમુદાયના લોકોને સંબોધીત કરશે અને વિવિધ વિકાસ કાર્યોનો શિલાન્યાસ અથવા લોકાર્પણ કરે તેવી સંભાવના છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા ૧૫ દિવસમાં વડાપ્રધાન મોદીની આ બીજી ગુજરાત મુલાકાત છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ નજીક આવી રહી છે ત્યારે વડાપ્રધાન મોદીની આ ઉપરા ઉપરી મુલાકાતોને રાજકીય રીતે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ મુલાકાત દ્વારા તેઓ આદિવાસી વિસ્તારોમાં વિકાસની ગતિને વેગ આપશે અને આદિવાસી ગૌરવની ભાવનાને વધુ મજબુત કરશે. વડાપ્રધાન મોદી એકતાદિવસની ઉજવણી માટે તારીખ ૩૦-૩૧ ઓકટોબરે ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. ફરી એકવાર આગામી તારીખ ૧૫ નવેમ્બરે મોદી ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે.

### કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી અને કૃષિ રાજ્યમંત્રી શ્રી રમેશભાઈ કટારાની પ્રેરક ઉપસ્થિતિ

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નીતિ આયોગના 'રિ-ઈમેજિંગ એગ્રિકલ્ચરઃ અ રોડમેપ ફોર ફ્રન્ટીયર ટેકનોલોજી લેડ ટ્રાન્સફોર્મશન'નું વિમોચન કર્યું

### દેશના એગ્રિકલ્ચર સેક્ટરને ભવિષ્ય માટે તૈયાર કરવામાં નીતિ આયોગનો રોડમેપ અગત્યની બ્લૂપ્રિન્ટઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નીતિ આયોગના નીતિ ફ્રન્ટીયર ટેક હબ દ્વારા તૈયાર કરાયેલા 'રિ-ઈમેજિંગ એગ્રિકલ્ચરઃ અ રોડમેપ ફોર ફ્રન્ટીયર ટેકનોલોજી લેડ ટ્રાન્સફોર્મશન' રોડમેપનું લોંચીંગ કરતાં કહ્યું કે, દેશના એગ્રિકલ્ચર સેક્ટરને ભવિષ્ય માટે તૈયાર કરવાની આ એક મહત્વપૂર્ણ બ્લૂપ્રિન્ટ છે.




મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, ખેડૂતોના હિતમાં ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા માટે નીતિ આયોગના રાષ્ટ્રીય સ્તરના મહત્વપૂર્ણ ડોક્યૂમેન્ટનું આજે ગુજરાતની ભૂમિ પરથી વિમોચન થયું છે તે રાજ્ય માટે ગૌરવની બાબત છે. એટલું જ નહિ, આ રોડમેપ ટેક્નોલૉજી-ડ્રિવન ડેવલપમેન્ટના માધ્યમથી અન્નદાતાના સપનાઓ સાકાર કરવાનો આધાર બનશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ રોડમેપમાં ટેકનોલૉજીને માત્ર મશીનરી સુધી સીમિત ન રાખતા ડેટા-કનેક્ટિવિટી અને ઈન્ટેલિજેન્સને ડાયરેક્ટ કૃષિ વ્યવસ્થામાં સંકલિત કરવાનું વિઝન રાખવામાં આવ્યું છે. આ રોડમેપના મુખ્ય દિશાનિર્દેશો, એગ્રિકલ્ચર સેક્ટરમાં ગુજરાતના વિઝન સાથે સંપૂર્ણપણે સુસંગત છે એવો મત પણ મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્ઞાન – ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિને વિકસિત ભારતના ચાર સ્તંભ ગણાવ્યા છે. આ રોડમેપ તે પૈકીના એક સ્તંભ અન્નદાતાને સમર્પિત છે અને તેમના સશક્તિકરણની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ પહેલ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતે નીતિ આયોગની મહત્વપૂર્ણ પહેલોને સાકાર કરવામાં અગ્રણી ભૂમિકા અદા કરી છે તેનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, નીતિ આયોગના માર્ગદર્શનમાં દેશમાં જે ચાર ગ્રોથ હબ વિકસાવવામાં આવી રહ્યા છે, તેમાં સુરત ઈકોનૉમિક રીજિયન પણ સામેલ છે. આ રીજિયનના ૬ જિલ્લાને ગ્રોથ હબ તરીકે વિકસાવવાની શરૂઆત થઈ ગઈ છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, નીતિ આયોગની પેટર્ન પર ગુજરાતે પણ રાજ્ય સ્તરે એક થિંક ટેંક ગુજરાત રાજ્ય ઈન્સ્ટીટ્યૂશન ઑફ ટ્રાન્સફોરમેશન એટલે કે ગ્રિટની સ્થાપના કરી છે તેનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું કે, ગ્રિટના માધ્યમ ગુજરાતે રાજ્યના ૬ આર્થિક પ્રદેશોના વિકાસ માટે તાજેતરમાં જ રીજિયનલ ઈકોનોમિક માસ્ટર પ્લાન પણ લૉન્ચ કર્યો છે.

આ ઉપરાંત, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત@૨૦૪૭ વિઝનને સાકાર કરવા માટે રાજ્ય સરકારે સશક્ત રોડમેપ વિકસિત ગુજરાત@૨૦૪૭ તૈયાર કર્યો છે, તેમાં પણ નીતિ આયોગના બહુમૂલ્ય સૂચનોએ મહત્વની ભૂમિકા ભજવી છે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય સરકાર દ્વારા ટેકનોલોજી અને યાંત્રિકીકરણને વ્યાપક બનાવીને કૃષિ વિકાસ કરવામાં આવ્યો છે તેની પણ ભૂમિકા આપી હતી.

તેમણે કહ્યું કે, ગુજરાતે ભારત સરકારની નીતિઓને અનુરૂપ ક્રૉપ ડાયવર્સિફિકેશન અને સસ્ટેનેબલ એગ્રિકલ્ચરને પ્રોત્સાહન આપ્યું છે. ટેક્નોલૉજી અને મોડર્ન ટૂલ્સની મદદથી ખેતીને વધુ પ્રોડક્ટિવ બનાવવાની દિશામાં અનેક પ્રોત્સાહક પગલાં ભર્યા છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ડિજિટલ એગ્રિકલ્ચરને પ્રોત્સાહન માટે નેશનલ ઈ-ગવર્નન્સ પ્લાન ફૉર એગ્રિકલ્ચર, ડિજિટલ ક્રોપ સર્વે અને ફાર્મર રજિસ્ટ્રી જેવી યોજનાઓનું અમલીકરણ શરૂ કર્યું છે. ડિજિટલ એગ્રિકલ્ચર અંતર્ગત, ખેડૂતોને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભ મળી રહે તે માટે ઑનલાઈન અરજી અને પેમેન્ટ સુવિધા પૂરી પાડવા માટે આઈ-ખેડૂત પોર્ટલ વિકસાવ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ડિજિટલ એગ્રિકલ્ચરને વધુ સફળ બનાવવા માટે ગુજરાતે એક ડેડિકેટેડ ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરનવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. આર્ટિફીશિયલ ઈન્ટેલિજેન્સ ઑર ઈન્ટરનેટ ઑફ થિંગ્સ જેવી ટેકનોલૉજીની મદદથી જમીનની ઉપજ ક્ષમતા, પાકમાં થનારા રોગ અને પોષક તત્વો વિશે જાણકારી હવે વધુ ઝડપથી પ્રાપ્ત થઈ શકશે.

નેક્સ્ટ જનરેશન સીડ્સ, ઈક્વિપમેન્ટ-ટૂલ્સ અને ઈનપુટ્સમાં નવીનતા લાવીને ખેતીમાં પડતર ખર્ચ ઘટાડવા અને પર્યાવરણીય નુકસાનથી બચવા માટેના પ્રયાસો પણ થઈ રહ્યાં છે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

આ અવસરે નીતિ આયોગના સી.ઈ.ઓ. શ્રી બી.વી.આર. સુબ્રહ્મણ્યમ, નીતિ આયોગના પ્રતિષ્ઠિત સભ્ય દેબ જાની ઘોષ અને પ્રોગ્રામ ડાયરેક્ટર ડૉ. નીલમ પટેલે પ્રાસંગિક ઉદબોધનમાં ગુજરાતની કૃષિ પ્રગતિ અને ટેક્નોલોજિકલ ફાર્મીંગ તથા ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રસંશા કરી હતી.

મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયા, કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ.અંજુ શર્મા, તથા A.T.E. ચંદ્ર ફાઉન્ડેશનના કો-ફાઉન્ડર શ્રી અમિત ચંદ્ર તેમજ ઉચ્ચ અધિકારીઓ, આમંત્રીતો આ લોંચીંગ વેળાએ ઉપસ્થિત રહ્યાં હતા.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ કમોસમી વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોના ખેડૂતોની પડખે ઉભા રહ્યા

### ગીર-સોમનાથ – જુનાગઢ જિલ્લાના ગામોમાં મુખ્યમંત્રીશ્રીએ જાતે જઈને પાક નુકસાનીનું સ્થળ-સ્થિતિનું નિરીક્ષણ કર્યુ – ધરતી પુત્રોની વિતક સંવેદના પૂર્વક સાંભળી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઓક્ટોબર માસના છેલ્લા અઠવાડિયાથી શરુ થયેલા કમોસમી વરસાદથી રાજ્યના અનેક ખેડૂતોના પાકને થયેલા વ્યાપક નુકસાનની અણધારી કુદરતી આફતના સમયે સંપૂર્ણ સંવેદના સાથે રાજ્યના ખેડૂતોની પડખે ઉભા રહીને નુકસાનીના સર્વેની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરાવી છે.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર ગાંધીનગર ખાતેથી રીયલ ટાઈમ મોનીટરીંગ કરીને તેમજ ઉચ્ચ સ્તરીય બેઠકો યોજીને રાજયના ખેડૂતોને થયેલા નુકસાનીનો તાગ મેળવ્યો હતો ખેડૂતોના પાકને થયેલા વ્યાપક નુકસાનનો સંપૂર્ણ અહેવાલ મેળવવા માટેની સૂચનાઓ પણ આપી હતી. આ સંદર્ભમાં કૃષિ વિભાગ સહિત રાજ્ય સરકારના અન્ય વિભાગોએ સંકલન કરીને તાત્કાલિક ધોરણે નુકસાનગ્રસ્ત વિસ્તારનો સર્વે શરૂ કરી દીધો છે અને અત્યાર સુધીમાં આશરે ૭૦ ટકા અસરગ્રસ્ત વિસ્તારમાં સર્વેની કામગીરી પૂર્ણ કરી છે. બાકીના વિસ્તારોમાં પણ સર્વે કામગીરી સત્વરે પૂર્ણ કરવા મુખ્યમંત્રીશ્રીના દિશાદર્શનમાં કૃષિ વિભાગ સહિતના સંબંધિત વિભાગો ૨૪ X ૭ કાર્યરત છે. આ કમોસમી વરસાદના કારણે ખેતી પાકમાં થયેલા નુકસાન સામે ખેડૂતોને વધુમાં વધુ ઝડપથી સહાય મળી શકે તે માટે અસરગ્રસ્ત જિલ્લાઓમાં કુલ ૪,૮૦૦થી વધુ ટીમો દ્વારા યુદ્ધના ધોરણે સર્વેની કામગીરી કરવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રી સ્વંય ગીર-સોમનાથ જિલ્લાના કડવાસણ અને જુનાગઢ જિલ્લાના પાણીદ્રા ગામે સોમવારે બપોર બાદ પહોંચ્યા હતા અને ખેડૂતોના ખેતરોમાં ઊભા પાકને થયેલા નુકસાનનો ક્યાસ સ્થળ સ્થિતિ નિરીક્ષણ દ્વારા તેમણે મેળવ્યો હતો અને ખેડૂતોની આપવીતી સહાનુભૂતિપૂર્વક સાંભળી હતી.

મુખ્યમંત્રીશ્રી સાથે મંત્રીશ્રીઓ સર્વે શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, ડૉ. પ્રદ્યુમન વાજા અને રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા પણ આ અસરગ્રસ્ત વિસ્તારોની સ્થળ મૂલાકાતમાં જોડાયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ ધરતી પુત્રોને સધિયારો આપતા કહ્યું કે, સમગ્ર સરકાર તેમની સાથે પુરી સંવેદનાથી ઉભી છે અને ખેડૂતોને નુકસાનીમાંથી ઝડપભેર પૂર્વવત કરવાની પ્રતિબદ્ધતા સાથે કાર્યરત છે. તાજેતરના આ કમોસમી વરસાદમાં પ્રાથમિક અંદાજ મુજબ રાજ્યમાં ૨૪૯ તાલુકાના ૧૬,૦૦૦થી વધુ ગામોના ખેતી પાકોમાં નુકસાન જોવા મળ્યું છે. આ નુકસાનની સામે હાલની સ્થિતિએ ૭૦ ટકા અસરગ્રસ્ત વિસ્તારમાં સર્વેની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. જ્યારે, બાકીના વિસ્તારોની કામગીરી પણ સત્વરે પૂર્ણ કરવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતુ. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, રાજ્ય સરકારે આ નુકસાનીનો સર્વે પૂર્ણ થતાવેંત જ ખૂબ જ ટૂંક સમયમાં ઉદારતમ રાહત સહાય પેકેજ જાહેર કરવાની દિશામાં પણ કામગીરી ખડેપગે રહીને ઉપાડી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારના મંત્રીશ્રીઓએ પણ અસરગ્રસ્ત વિસ્તારોની પ્રત્યક્ષ મુલાકાત લઈને ખેતી પાકોમાં થયેલા નુકસાન અને સંપૂર્ણ પરિસ્થિતિનો તાગ મેળવ્યો છે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સુરત જિલ્લામાં, કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી ભાવનગરમાં, આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ તાપીમાં, વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા તથા સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા જૂનાગઢ અને ગીર સોમનાથમાં તેમજ રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાએ અમરેલી જિલ્લાની મુલાકાત લઈને ખેડૂતોના દુઃખમાં સહભાગી બન્યા હતા.

# ગુજરાત રાજયની ૧૨ મી ચિંતન શિબિર આગામી તા.૧૩ થી ૧૫ નવેમ્બરે ધરમપુર નજીક આશ્રમમાં યોજાશે

## સામુહિક ચિંતનથી સામુહિક વિકાસની થીમ: અધિકારીઓ વંદે ભારત ટ્રેનથી જશે: નવા નિશાળીયા મંત્રીઓ માટે નવો અનુભવ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ભુપેન્દ્ર પટેલ સરકારની ૧૨ મી ચિંતન શિબિર આગામી તા. ૧૩ થી ૧૫ નવેમ્બર ના રોજ વલસાડ નજીક ધરમપુરના શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ખાતે યોજાશે જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તેમજ મંત્રી મંડળના સભ્યો તથા રાજયના આઈએએસ અધિકારીઓ ૩ દિવસની ચિંતન શિબિરમાં ગુજરાતના વિકાસને નવા ઉંચા તબકકે લઈ જવાની ઔપચારીક બ્લુપ્રિન્ટ તૈયાર કરશે, ૨૦૦૩ માં જયારે નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા તે સમયથી રાજયમાં મંત્રીઓ અને નવા ઉચ્ચ સનદી અધિકારીઓ વચ્ચે એક જ સ્થળે સીધા સંવાદની આ પ્રથા શરૂ કરવામાં આવી હતી અને અત્યાર સુધીમાં ૧૧ ચિંતન શિબિર યોજાઈ હતી. જેમાં છેલ્લે સૌરાષ્ટ્રમાં ગીર સોમનાથમાં ભગવાન શીવના સાનિધ્યમાં સોમનાથ મંદિર નજીક શિબિર યોજાઈ હતી.

હવે ૧૨ મી ચિંતન શિબિરમાં લગભગ મંત્રી મંડળ નવુ છે અને નવા મુખ્ય સચિવ પણ આવ્યા છે. તથા હવે આગામી વર્ષના પ્રારંભમાં જ રાજયમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીઓ આવી રહી છે તે પુર્વ આ ચિંતન શિબિર મહત્વની બની જશે. આ શિબિરમાં તા. ૧૩ ની સાંજે અધિકારીઓ અમદાવાદથી વંદે ભારત ટ્રેન મારફતે પહોચશે અને રાત્રીના ઔપચારિક કાર્યક્રમ બાદ તારીખ ૧૪ અને ૧૫ એમ બે દિવસ વિવિધ વિષયો પર વિભાગ મુજબ ચિંતન થશે. તે સાથે ટ્રેકીંગ સાયકલીંગ અને યોગ ધ્યાન તથા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. આ ચિંતન શિબિરની થીમ સામુહિક ચિંતનથી સામુહિક વિકાસ રહેશે.

# રાજકોટ એપીએમસીમાં આખી રાત લાઈનમાં ઉભેલા ખેડુતોને મગફળી પરત લઈ જવાની ફરજ પડી: ૩૦૦ રૂપીયામાં એપીએમસીનો કોઈ વેપારી લેવા તૈયાર નથી



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં કમોસમી વરસાદે ખેડુતોની હાલત બગાડી છે. માવઠાને કારણે ખેતરમાં તૈયાર થયેલો પાક નિષ્ફળ ગયો છે. મગફળી, કપાસ, સોયાબીન અને મગ સહિતના પાકો નિષ્ફળ ગયા છે. ત્યારે જસદણના ખેડુતને પણ પડયા પર પાટુ જેવુ સ્થિતિ ઉભી થઈ છે. જસદણના ખેડુતોની મગફળી ખરીદવા માટે કોઈ તૈયાર નથી, મગફળી વેચવા માટે આવેલા ખેડુતો આખી રાત લાઈનમાં ઉભા રહ્યા પણ મગફળી લઈને પરત જવાની ફરજ પડી હતી.

જસદણના ચિતલીયા ગામના ખેડુતોની મગફળી ૩૦૦ રૂપીયામાં પણ જસદણ એપીએમસીમાં વેપારીઓ લેવા તૈયાર નથી. મગફળીનો ભાવ ૮૦૦ રૂપીયાથી ૧૨૦૦ રૂપીયા સુધીનો છે. ત્યારે ગરીબ અને લાચાર ખેડુતને મગફળી ૩૦૦ રૂપીયામાં પણ વેપારીઓ લેવા તૈયાર નથી. માવઠામાં ખેડુતોની મગફળી પલળી ગઈ હતી પણ ખેડુતે જાતે જ ફોલીને તેમાંથી બી કાઢયા તો સરસ મગફળી નિકળી હતી, ગઈ કાલે ખેડુતો મગફળી લઈને વેચવા માટે આવ્યા હતા અને આખી રાત લાઈનમાં ઉભા રહીને ઉજાગરો કર્યો હતો. આજે સોમવારે સવારે ૬ વાગે ખેડુતોને માર્કેટયાર્ડમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

જયારે હરાજીમાં ખેડુતોનો વારો આવ્યો ત્યારે કોઈ વેપારી ખેડુતની મગફળી ૩૦૦ રૂપીયામાં પણ લેવા તૈયાર થયો ન હતો. બિયારણ, ખાતર અને દવા મોંઘી છતાં ખેડુતોએ મગફળીનુ વાવેતર કર્યુ હતું, પરંતુ માવઠાને કારણે મગફળી પલળી જતા ખેડુતોની મગફળી ખરીદવા કોઈ તૈયાર નથી. મગફળી વેચવા માટે આખી રાત ઉજાગરો કર્યો અને ત્યારબાદ આજે સવારે ખેડુતે મગફળી લઈને પરત જવાનો વારો આવ્યો હતો. તેમને ટ્રેકટરનુ ભાડુ પણ ચુકવવુ પડયુ હતું.

# પરેશ ધાનાણીએ ગોપાલ ઈટાલીયાને આડે હાથ લીધા: તમારે વેચાવુ હોય તો વેચાવ: બાકી ખેડુતોને ગીરવે મુકયા તો ખેર નથી



પ્રતિનિધિ,ગાંધીનગર

શિયાળાના આગમન સમયે અરબી સમુદ્રના ડીપ્રેશનના કારણે ખાબકેલા ધોધમાર કમોસમી વરસાદને ખેડુતોની મહેનત પર પાણી ફેરવી દીધુ છે. માવઠાના માર થી ખેડુતોને થયેલા નુકશાન માટે સરકારે સરવે કરાવવાની જાહેરાત કરી છે.

ત્યારે આજથી કોંગ્રેસ દ્વારા પાક નુકશાનીના વળતર માટે વડીયા થી ખેડુત સત્યાગ્રહની શરૂઆત કરવામાં આવી હતી જેમાં કોંગ્રેસ નેતા પરેશ ધાનાણીએ સરકાર અને આમ આદમી પાર્ટીને ચાબખા માર્યા હતા. ગુજરાત વિધાનસભામાં વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ જણાવ્યુ હતુ કે કમોસમી વરસાદના કારણે ખેડુતોના મોઢે આવેલો કોળીયો છીનવાઈ ગયો છે, ખેડુતોએ એક વીઘો ઉત્પાદન માટે ૧૭ હજાર રૂપીયાનો ખર્ચ કર્યો છે. જયારે માવઠાના કારણે ખેડુતોને વિઘે ૫૦ હજારનુ નુકશાન થયુ છે. પરેશ ધાનાણી ખેડુતો સાથે કપાસ અને મગફળીના ટોપલા લઈને મામલતદાર કચેરીએ પહોચ્યા હતા. જયાં તેમણે મામલતદારને આવેદનપત્ર આપીને ખેડુતોના સંપૂર્ણ દેવા માફ કરવાની માંગ કરી હતી. અગાઉ ગોપાલ ઈટાલીયાએ જાહેરાત કરી હતી કે ભુપેન્દ્ર પટેલની સરકાર કમોસમી વરસાદને પગલે ખેડુતોને થયેલા નુકશાન બદલ ૧ હેકટરે ૫૦ હજાર રૂપીયા સહાય કરશે, તો હું ઉઘાડા પગે ગાંધીનગર જઈશ, ગોપાલ ઈટાલીયાની જાહેરાત અંગે પરેશ ધાનાણીએ જણાવ્યુ હતુ કે વિસાવદરમાં ખેડુતોએ તને ખભે બેસાડીને ચુંટીને મોકલ્યો હતો અમારા વિઘે ૫૦ હજાર ધોવાયા અને તુ ૮ હજારમાં સોદો કરી નાખે છે, ગોપાલ ઈટાલીયાએ દાદા ના ખોળે બારોબાર ઉઘાડા પગે મુજરો કરવાનુ વચન આપી ગુજરાતના ખેડુતોને ૮ હજારમાં ગીરવે મુકવાનુ ષડયંત્ર રચ્યુ છે. તમારે વેચાવુ હોય, તો વેચાવ બાકી અમારૂ પેકેજ અમારો ખેડુત જ નકકી કરશે, કમોસમી વરસાદથી ખેડુતોને ગીરવે મુકવાનુ કામ કર્યુ છે. તો ખેડુતો તને માફ નહી કરે, આ દરમિયાન કોંગ્રેસ નેતા પ્રતાપ દુધાતે વરાછાથી ચુંટાયેલા ભાજપના ધારાસભ્ય કુમાર કાનાણીને પણ અભિનંદન આપ્યા હતા, કુમાર કાનાણીએ માવઠાથી પીડીત ખેડુતો માટે સરકારમાં પત્ર લખ્યો હતો. જે બદલ પ્રતાપ દુધાતે તેમને બિરદાવતા જણાવ્યુ હતુ કે આ ભાજપ કોંગ્રેસની વાત જ નથી પરંતુ ખેડુતો ને બચાવવાની વાત છે.

# વિમો પકવવા ખુદની કારને ક્રેઈની પછાડી ડેમેજ કરી: પૂર્વ મંત્રીના પુત્રનુ કારસ્તાન

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં હાલમાં થયેલા મંત્રી મંડળ ફેરફારમાં પડતા મુકાયેલા એક હાઈ પ્રોફાઈલ ધનવાન મંત્રીના પુત્રના વિમા પકવવાનુ કારસ્તાન બહાર આવ્યુ છે, તેમણે વિમા કંપનીને મોટા શીશામાં ઉતારવાની ફુલ પ્રુફ યોજના બનાવી હતી પણ વિમા કંપનીઓના ચબરાક ઈન્વેસ્ટીગેશન ઓફીસર તથા એક વાયરલ થયેલા વિડીયોએ પૂર્વ મંત્રી પુત્રનુ કારસ્તાન બહાર લાવી દેતા અંતે વિમા કંપની વિરૂધ્ધ છેતરપીંડી કરવાનો ગુન્હો દાખલ થવાનો ભય લાગતા ઉપર સુધી છેડા લગાવી માફા માફી કરી મામલો ખતમ કરી દેવાયો હતો.

આ અંગે મળેલી માહિતી મુજબ આ પૂર્વ મંત્રી પુત્રએ તેની અલ્ટ્રા લકઝરી કારને અકસ્માત થયા છે તેવુ દર્શાવીને રૂપીયા ૧.૪૫ કરોડનો વિમો પકવવા માટે તૈયારી કરી હતી , બાકી બધુ ગોઠવાઈ ગયુ હતુ અને ડેમેજ કાર પણ વિમા કંપની પાસે રજુ કરવામાં આવી હતી, કારની હાલત પોકળ પણ ખરાબ હતી પણ વિમા કંપનીના ઈન્વેસ્ટીગેશન અધિકારીને કંઈક ખોટુ હોવાની આશંકા જાગી હતી, સેંકડો અકસ્માતોનુ ઈન્વેસ્ટીગેશન કરી ચુકેલા અધિકારી પારખી ગયા કે જો અકસ્માત થાય તો પણ કારની હાલત આવી થાય નહી, તેથી તેઓ વધુ તપાસ કરતા હતા ત્યાં જ તેઓને કંપનીના જ ખાનગી ડીરેકટરે એક વિડીયો મોકલ્યો હતો જેમાં આ કારને ક્રેઈનથી ઉચકીને એક બે નહી ત્રણ વખત ઉંચેથી પછડાતી હતી અને તે રીતે કારને ડેમેજ કરાઈ હતી. વિમો પકવવાથી આ નવી હાઈપ્રોફાઈલ રીતથી અધિકારીઓ ચોંકી ઉઠયા હતા. ખાધે પીધે સુખી પરીવારના આ નબીરાને એવી તો શું જરૂર પડી તેની ખુદની લકઝરી કારને આ રીતે ડેમેજ કરીને વિમો પકવવો પડયો પણ વિમા કંપનીએ કાવતરૂ પકડી લીધુ તેની જાણ થઈ, અધિકારીએ તેનો વિડીયો પણ બતાવાયો તે ખાનગી ક્રેઈન માલીકને પણ ઝડપી તેની પાસે કબુલાત કરાવાઈ કે આ ડેમેજ પેઈડ કર્યુ હતુ. પછી વાત ગંભીર બની ગઈ તેની પૂર્વ મંત્રી પુત્રએ બીજા ચકકર ગતિમાન કરાવી માફી માંગી કલેઈમ પાછો ખેંચી લીધો હતો.



# ગુજરાતમાં આજથી એસઆઈઆર લાગુ: જરૂરી દસ્તાવેજો સાથે ફોર્મ ભરવા પડશે

પ્રતિનિધિ,ગાંધીનગર

કેન્દ્રીય ચુંટણીપંચ દ્વારા મતદાર સુધારણા ઝુંબેશ એટલે કે સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રીવીઝન (એસઆઈઆર) ની જાહેરાત કરવામાં આવી હતી, આજે ૪ નવેમ્બર થી ગુજરાત સહિત દેશના ૧૨ રાજયો / કેન્દ્ર શાસિત પ્રદેશોમાં એસઆઈઆર પ્રક્રિયા લાગુ થઈ જશે.

આ દરમિયાન ગુજરાતના નાગરીકોએ શું કરવુ પડશે ? તમારે કયા દસ્તાવેજ આપવા પડશે ? તેની વિગતો જરૂરી બહાર પાડવામાં આવી છે, બિહાર પછી જે ૧૨ રાજયો માં એસઆઈઆર નુ આયોજન થવાનુ છે તેમાં ૩ કેન્દ્ર શાસિત પ્રદેશોનો સમાવેશ થાય છે. પુડુંચેરી, અંદામાન અને નિકોબાર ટાપુઓ અને લક્ષદ્વિપ, એસઆઈઆર ના આ તબકકામાં ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, ગુજરાત, ગોવા, કેરળ, તામીલનાડુ અને પશ્ચિમ બંગાળ રાજયોનો સમાવેશ થાય છે. ૫,૩૩,૦૦૦ બુથ સ્તરીય અધિકારીઓ તૈનાત કરવામાં આવ્યા છે અને આશરે ૭,૬૪,૦૦૦ રાજકીય પક્ષના કાર્યકરો પણ સક્રિયપણે ભાગ લેશે.

મતદારોની જરૂરીયાત મુજબ ૩ મુખ્ય ફોર્મ બહાર પાડવામાં આવ્યા છે, જેમાં ફોર્મ ૬: જો તમે નવા મતદાર હોવ અથવા તમારૂ નામ હજુ સુધી મતદાર યાદીમાં ન હોય તો આ ૬ નંબરનુ ફોર્મ નવા મતદાર તરીકે નામ ઉમેરવા માટે ભરવુ, ફોર્મ ૭ : જો તમારૂ નામ મતદાર યાદીમાંથી હટાવવુ હોય (દા.ત.) સ્થળાંતર અથવા મૃત્યુના કિસ્સામાં ) તો આ ફોર્મ ભરવુ, ફોર્મ ૮ : જો તમારા મતદાર કાર્ડ માં સરનામુ, નામ કે અન્ય વિગતોમાં કોઈ ભુલ હોય અને તેને સુધારવી હોય તો આ ફોર્મ ભરવુ,




જો તમારૂ નામ મતદાર યાદીમાં ન હોય તો મતદાર યાદીમાં નામ ઉમેરો કરવા માટે દસ્તાવેજો આપવા પડશે જેમાં (૧) કોઈપણ કેન્દ્ર સરકાર / રાજય સરકાર / પીએસયુ ના નિયમિત કર્મચારી / પેન્શનરને જારી કરાયેલ કોઈપણ ઓળખ કાર્ડ / પેન્શન ચુકવણી ઓર્ડર (૨) ૧/૭/૧૯૮૭ પહેલા સરકાર / સ્થાનિક સત્તાવાળાઓ / બેંક / પોસ્ટ ઓફીસ / એલઆઈસી / પીએસયુ દ્વારા ભારતમાં જારી કરાયેલ કોઈપણ ઓળખકાર્ડ / પ્રમાણપત્ર / દસ્તાવેજ (૩) સક્ષમ અધિકારી દ્વારા જારી કરાયેલ જન્મ પ્રમાણપત્ર / પાસપોર્ટ (૪) માન્યતા પ્રાપ્ત બોર્ડ / યુનિર્વસિટી દ્વારા જારી કરાયેલ મેટ્રીક / શૈક્ષણિક પ્રમાણપત્ર (૫) સક્ષમ રાજય સત્તાવાળા દ્વારા જારી કરાયેલ કાયમી નિવાસ પ્રમાણપત્ર / વન અધિકાર પ્રમાણપત્ર (૬) ઓબીસી / એસસી / એસટી અથવા સક્ષમ સત્તાવાળા દ્વારા જારી કરાયેલ કોઈપણ જાતિ પ્રમાણપત્ર (૭) રાષ્ટ્રીય નાગરીક રજીસ્ટર (જયાં પણ તે હોય ) (૮) રાજય / સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા તૈયાર કરાયેલ કુટુંબ રજીસ્ટર) (૯) સરકાર દ્વારા કોઈપણ જમીન / મકાન ફાળવણી પ્રમાણપત્ર

આધાર માટે પત્ર નં. ૨૩ /૨૦૨૫ - ઈઆરએસ/ભાગ તારીખ ૯/૯/ ૨૦૨૫ દ્વારા જારી કરાયેલ કમિશનના નિર્દેશો લાગુ પડશે. જેનો અર્થ એ છે કે તે વૈકલ્પિક છે, ગણના બાદ ૯ ડીસેમ્બરે મતદાર યાદીનો ડ્રાફટ જાહેર કરવામાં આવશે. ત્યારબાદ દાવા અને વિરોધ નોંધાવી શકાય છે, જે ૮ જાન્યુઆરી ૨૦૨૬ સુધી ચાલશે. ૯ ડીસેમ્બર થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ સુધી નોટીસ ફેઝ રહેશે, જેમાં સુનાવણી અને વેરીફીકેશનનુ કામ કરવામાં આવશે. ત્યારબાદ ૭ ફેબ્રુઆરીએ ૨૦૨૬ અંતિમ મતદાર યાદી જાહેર કરવામાં આવશે.

# આજે ગૃહિણી દિવસ: ગૃહિણીઓમાં આપઘાતનુ પ્રમાણ વધ્યું: રોજેરોજ ૫ મહિલા જીવન ટુંકાવે છે



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ગૃહિણીઓમાં આત્મહત્યાના પ્રમાણમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. આજે ગૃહિણી દિવસ છે તો બીજી તરફ ગુજરાતમાં રોજે રોજ ૫ મહિલા આત્મહત્યા કરીને જીવન ટુંકાવે છે. છેલ્લા એક વરસમાં ગુજરાતમાં થયેલી કુલ આત્મહત્યા માં ગૃહિણીનુ પ્રમાણ ૨૦ ટકા જેટલુ છે. ગૃહિણીઓની વધતી જતી આત્મહત્યાને લઈ ચિંતાનો વિષય બન્યો છે.

નેશનલ ક્રાઈમ રેકોર્ડસ બ્યુરો (એનસીઆરબી) ના અહેવાલ અનુસાર ગુજરાતમાંથી ૫ વરસમાં ૮૭૧૭ ગુહિણીઓએ આત્મહત્યા કરીને જીવન ટુંકાવ્યુ છે. આમ ગૃહિણીઓમાં આત્મહત્યાનુ પ્રમાણ સતત વધી રહ્યુ છે. વર્ષ ૨૦૨૩ ની વાત કરવામાં આવે તો સમગ્ર દેશમાંથી કુલ ૨૪૦૪૮ ગૃહિણીઓએ આત્મહત્યા કરી હતી. જેમાં તામિલનાડુમાં સૌથી વધુ ૩૦૮૦, મધ્યપ્રદેશમાં ૨૬૩૭, મહારાષ્ટ્રમાં ૨૩૭૩, પશ્ચિમ બંગાળમાં ૧૯૮૪ ગૃહિણીઓની આત્મહત્યાનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૩ માં સૌથી વધુ ગૃહિણીઓની આત્મહત્યાના મામલે ગુજરાત સમગ્ર દેશમાં ૭ માં નંબરે આવે છે. ગૃહિણીઓની આત્મહત્યા માટે મુખ્યત્વે સાસરીયા તરફથી દહેજ માંગવા ઉપરાંત માનસિક ત્રાસ જવાબદાર પરીબળ હોય છે. મનોચિકિત્સકો ના મતે પણ માનસિક આરોગ્યની હોસ્પીટલની ઓપીડીમાં રોજેરોજ જે દર્દીઓ આવે છે તેમાંથી ૬૦ ટકા મહિલાઓ હોય છે. ગર્ભાવસ્થા બાદ કે પ્રિમેનોપેઝલ તબકકો, પરીવાર સાથે તાલમેલ, ઘરની જવાબદારીને કારણે કારર્કિદી નહી ઘડી શકવા જેવા પરીબળોથી ડીપ્રેશનની સમસ્યા તેમનામાં વધારે જોવા મળે છે. ગુજરાતમાં છેલ્લા વરસ તરફ નજર કરીએ તો વર્ષ ૨૦૧૯ માં ૧૬૮૯, ૨૦૨૦ માં ૧૭૩૬, ૨૦૨૧ માં ૧૮૨૦, ૨૦૨૨ માં ૧૭૬૧ અને ૨૦૨૩ માં ૧૭૧૧ મળી કુલ ૮૭૧૭ ગૃહિણીઓએ ૫ વરસમાં આત્મહત્યા કરી જીવન ટુંકાવ્યુ છે.

# એસઆઈઆરની કવાયતમાં ભાજપ તંત્રને સહયોગ કરશે : કાર્યશાળા યોજાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




ગુજરાતમાં આજથી શરૂ થઈ રહેલી મતદાર યાદી ગહન પુન: નિરીક્ષણ કાર્યક્રમ સમયે વહિવટી તંત્ર સાથે સહયોગ કરવા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સભા ભાજપે પણ તૈયારી કરી છે.

બિહારમાં વિવાદી બની ગયેલ આ કાર્યક્રમ હવે દેશભરમાં લાગુ થઈ રહ્યો છે. જેમાં પ્રથમ તબકકામાં ગુજરાત સહિત ૧૨ રાજયોમાં લાગુ થશે અને આજથી તા. ૯ ડીસેમ્બર સુધી બુથ લેવલ ઓફીસર ઘરે ઘરે ફરીને મતદાર યાદીનમાં હયાત મતદારોની ચકાસણી કરશે તથા જેઓ દિવંગત થયા છે, અન્યત્ર વસ્યા છે અથવા બેવડા નામો છે તે દુર કરશે, ઉપરાંત શંકાસ્પદ નામોની તપાસ કરી તેઓને નોટીસ પણ આપશે. આરએસએસએ આ આયોજનને ટેકો આપ્યો છે તો ગુજરાતમાં ભાજપે તે માટે તંત્રની સાથે સહયોગ કરવા આજે સોમવારે ગાંધીનગરમાં કમલમ ખાતે પક્ષના ધારાસભ્યો / જિલ્લા અને મહાનગર પ્રમુખો તેમજ પ્રભારી ઉપરાંત અન્ય અપેક્ષિતોની ખાસ કાર્યશાળા યોજાઈ હતી. જેમાં પ્રદેશ અધ્યક્ષ શ્રી વિશ્વકર્મા અને પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર હાજર રહીને માર્ગદર્શન આપ્યુ હતું. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં કોંગ્રેસ પક્ષે પણ વોટ ચોરીનો મુદ્દો ઉઠાવ્યો છે અને આ મુદ્દે તે ભાજપને ઘેરવા માંગે છે. તે સમયે ભાજપ દ્વારા આ ચુંટણીઓની કવાયતમાં તંત્રને સહયોગ કરવાની તૈયારીએ પણ કોંગ્રેસને ભડકાવી છે.

સુત્રોના કહેવા પ્રમાણે જે નામો પર પ્રશ્ન ઉભા થશે તેમાં જે તે વ્યકિતને ચુંટણીપંચ નોટીસ પાઠવશે અને સમગ્ર પ્રક્રિયા છેક ફેબ્રુઆરી સુધી ચાલશે. રાજયમાં ત્યારબાદ સ્થાનિક ચુંટણીઓ યોજાઈ રહી છે તેથી મતદાર યાદીના ફેરફાર મહત્વના બની જશે.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણી અગાઉ આમ આદમી પાર્ટીની પ્રશિક્ષણ શિબિર યોજાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




ગુજરાતમાં ટુંક જ સમયમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનુ આયોજન થવાનુ છે ત્યારે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ જાહેર થાય તે પહેલા જ હવે દરેક પક્ષ ખુબ જ એકટીવ થઈ ગયો છે અને દરેક પક્ષ તેમની સેનાને તૈયાર કરી રહ્યો છે ત્યારે સૌથી વધુ અત્યારે કોઈપણ એકટીવ જોવા મળી રહ્યો હોય તો તે આમ આદમી પાર્ટી છે અને આગામી સમયમાં યોજાનાર સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં તૈયારીઓ બાબતે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય અને પ્રદેશ નેતૃત્વની આગેવાનીમાં અમદાવાદ ખાતે ત્રિદિવસીય ગુજરાત નિર્માણ પ્રશિક્ષણ શિબિરનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેનો આજે ચોથો દિવસ હતો, આજે ચોથા દિવસે દરેક જિલ્લામાંથી આવેલ સૌ પદાધિકારીઓ સાથે ગુજરાતમાં આમ આદમી પાર્ટીના સંગઠનને મજબુત બનાવવા મહત્વપૂર્ણ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. સાથે જ આગામી દિવસોમાં એસઆઈઆર લઈને આમ આદમી પાર્ટી એક મહત્વપૂર્ણ ભુમિકા ભજવવાની છે એ બાબતની ચર્ચાઓ થઈ.

# રાજયના મુખ્ય સચિવ તરીકેનો ચાર્જ સંભાળતા વેંત જ મનોજદાસને સુપ્રિમ કોર્ટનુ તેડુ

પ્રતિનિધિ,ગાંધીનગર



આઈએએસ અધિકારી મનોજકુમાર દાસે ગુજરાતના ૩૩ માં મુખ્ય સચિવ તરીકે વિધિવત રીતે ચાર્જ સંભાળી લીધો છે. ૧૯૯૦ ની બેચના આ અધિકારી ડીસેમ્બર ૨૦૨૬ સુધી આ મહત્વપૂર્ણ પદ પર રહેશે, વર્તમાન સચિવ પંકજ જોશીનો કાર્યકાળ સમાપ્ત થતા તેમને આ જવાબદારી સોંપવામાં આવી છે, ચાર્જ સંભાળ્યા બાદ મુખ્ય સચિવ એમ કે દાસે વિકાસ અને સરળ વહિવટી પ્રક્રિયા પર ભાર મુકયો હતો. તેમણે પદભાર સંભાળતાની સાથે જ સુપ્રિમ કોર્ટનુ તેડુ આવ્યુ છે.

રખડતા કુતરા અંગે સોગંદનામુ નહી કરતા સુપ્રિમ કોર્ટે રાજયના મુખ્ય સચિવ મનોજકુમાર દાસને હાજર થાવ તેડુ મોકલ્યુ છે તેવો સુપ્રિમ કોર્ટ સમક્ષ હાજર થયા હતા, ગુજરાતમાં રખડતા કુતરા અંગે એફીડેવીટ ન કરી એટલે કોર્ટે રૂબરૂ બોલાવ્યા હતા, સુપ્રિમ કોર્ટના આદેશનુ ઉલ્લંઘન કરવા બદલ વ્યકિતગત હાજરી આપવા બોલાવ્યા હતા, ૨૭ ઓકટોબર સુધીમાં સોગંદનામુ દાખલ કરવા સુપ્રિમ કોર્ટે આદેશ આપ્યા છે, દેશમાં રખડતા કુતરાના મુદ્દે સુપ્રિમ કોર્ટે અનેક રાજયોને સોગંદનામુ કરવા આદેશ કર્યો હતો. પરંતુ રાજયોના મુખ્યસચિવો દ્વારા સોગંદનામુ નહી કરાતા સુપ્રિમ કોર્ટ નારાજ થઈ હતી. પશ્ચિમ બંગાળ, તેલંગાણા અને દિલ્હી કોર્પોરેશન સિવાય એકપણ રાજયએ આ મુદ્દે સુપ્રિમ કોર્ટમાં સોગંદનામુ દાખલ કર્યુ નથી. જેથી કોર્ટના ઉલ્લંઘન અંગે સુપ્રિમ કોર્ટે ગુજરાતના મુખ્ય સચિવ એમ કે દાસને રૂબરૂ બોલાવ્યા હતા.